ઈસ્લામનો સંદેશ શું છે?

(દા'વતે ઈસ્લામી શું છે?)

લેખન : પ્રચાર પસાર વિભાગ

વિષય સૂચિ

અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે

પ્રસ્તાવના

આ પુસ્તિકામાં સાધારણ કેળવણી પામેલા લોકોને સાદી અને સરળ ભાષામાં ઈસ્લામની દા'વતના બુનિયાદી મુદ્દાઓથી પરિચિત કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જેથી તેઓ એના વાંચન પછી સંક્ષિપ્તમાં એ વાતથી વાકેફ થઈ જાય કે દા'વતે ઈસ્લામી એટલે કે ઇસ્લામનો સંદેશ શું છે અને એક મુસલમાન પર એ અંગે કઈ જવાબદારીઓ આવે છે તેણે દીને ઇસ્લામની સ્થાપના હેતુ શું કરવું જોઈએ કે આ સત્યદીન માનવીના જીવનના પ્રત્યેક ક્ષેત્ર ઉપર પ્રભુત્વ સ્થાપી દે. અને પછી તે એ જવાબદારી અદા કરવાને તૈયાર થઈ જાય. ખુદા કરે આ પુસ્તિકા આ હેતુ માટે લાભદાયી નીવડે.

ચેરમેન
ઇસ્લામી સાહિત્ય પ્રકાશન.

બુનિયાદી અકીદો

સાચા દિલથી કલ્મએ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُولُ اللّٰهِનો એકરાર કરનારી દરેક વ્યક્તિ મુસલમાન છે, અને જે (વ્યક્તિ) આમ નથી કરતી તે ઇસ્લામના વર્તુળની બહાર છે. પહેલી વ્યક્તિ અલ્લાહતઆલાને પ્રિય અને તેની રહેમતો (કૃપાઓ)ને પાત્ર હોય છે અને તેના માટે જન્નતના દ્વાર ખુલશે, જ્યારે બીજી વ્યક્તિ પર અલ્લાહનો પ્રકોપ ઊતરે છે અને આખિરતના હંમેશા બાકી રહેનારા જીવનમાં તેનું ઠેકાણું દોઝખ (નર્ક) જ નક્કી થાય છે. આ છે તે સૈદ્ધાંતિક વાત જે કુર્આનેકરીમે ફરમાવી છે. જરા વિચારો, જ્યારે સર્વ મનુષ્યો અલ્લાહના બંદા છે. તેણે જ બધાંને પેદા કર્યા છે અને તે જ બધાંને પાળી પોષી રહ્યો છે, તો પછી શા કારણે માત્ર لَا إِلٰهَ إِلَّا اللّٰهُ અને مُحَمَّدٌ رَّسُولُ اللّٰهِ ના આ બે વાક્યોના એકરારથી માનવ-માનવ વચ્ચે આટલો મોટો તફાવત થઈ જાય છે? આ બે વાક્યોમાં આખરે એવું તો શું છે જે માનવને આ રીતે બે વિભાગોમાં વિભાજિત કરી દે છે.

કોઈ પણ વ્યક્તિ એ વાત માનવા તૈયાર નહીં થાય કે આ બે વાક્યોને માત્ર મુખથી ઉચ્ચારવામાં કોઈ એવો જાદુ છે જેના કારણે માનવ-માનવ વચ્ચે આટલો મોટો તફાવત થઈ જાય છે. આ તફાવત સ્પષ્ટપણે એ વાતને માનવા કે ન માનવાને કારણે જ જન્મે છે જે આ બે વાક્યોમાં વર્ણવવામાં આવી છે. જે વ્યક્તિ આ વાક્યોનો સાચા દિલથી એકરાર કરે છે તે વાસ્તવમાં બે મહત્વપૂર્ણ અને બુનિયાદી વાતોનો એકરાર કરે છે અને કહે છે આ વાતો મારા દિલમાં બેસી ગઈ છે. એ હકીકત તો સર્વવિદિત છે કે જ્યારે કોઈ વાત માણસના ગળે ઊતરી જાય તો તેના વર્તન પર તેની અસર પડ્યા વગર રહેતી નથી. ઉદાહરણ રૂપે એક એવી વ્યક્તિ લો જેના દિલમાં રૂપિયા-પૈસાની મહોબ્બત ઘર કરી ગઈ હોય, તેનું વર્તન એ પ્રકારનું હશે કે તેની વાણી, વ્યવહાર અને સંબંધો ટૂંકમાં તેના પ્રત્યેક કાર્યથી તમે એ અનુમાન તારવી શકશો કે તે ધન-દોલત માટે ઝંખે છે, અને તેની નજરમાં પૈસાથી વધુ વહાલી વસ્તુ

બીજી કોઈ નથી. સવારથી સાંજ સુધી તે દોડધામ કરશે, પોતાના સમયનો જે રીતે ઉપયોગ કરશે, જે રીતના કાર્યોમાં રસ લેશે, એ સર્વથી એ જ સ્પષ્ટ થશે કે તેને માત્ર ધન-પ્રાપ્તિની ઝંખના છે. રૂપિયાની તુલનામાં ન તો તેને સંબંધો વહાલા છે, ન સગપણનો કોઈ ખ્યાલ છે કે ન મૈત્રીનો લેહાજ. આ જ પ્રમાણે જ લોકોના હૃદયમાં દેશ-પ્રેમ ઘર કરી લે અથવા જેઓ મોટા હોદ્દાઓ અને ખુરશીઓ પ્રાપ્ત કરવાને જ પોતાનો ધ્યેય બનાવી લે છે અથવા શૈક્ષણિક ક્ષેત્રે કોઈ ગણનાપાત્ર કાર્ય કરવાની ધૂન સવાર થઈ જાય છે તેમના સમગ્ર જીવનને તમે તે જ રંગે રંગાયેલું જોશો. તેમનું ઊઠવું-બેસવું, સૂવું-જાગવું સર્વ એ ધ્યેયને અર્પણ હોય છે જે તેમણે અખ્તયાર કરી લીધો છે.

હવે આપણે આ બન્ને વાક્યોના અર્થ અને તેમાં વર્ણવેલી બન્ને મુખ્ય બાબતોને સમજી લઈએ જેનો એકરાર મનુષ્યને કાફિરથી મોમિન, નાપાકથી પાક (અપવિત્રતાથી પવિત્ર) અને જહન્નમીથી જન્નતી બનાવી દે છે. આ વાક્યો દ્વારા માનવ જે મહત્વની બે બાબતોનો એકરાર કરે છે તેમાંની એક એ છે કે "અલ્લાહ સિવાય હું કોઈ અન્યને ખુદા અને મા'બૂદ (ઉપાસ્ય) નથી માનતો" અને બીજી વાત એ છે કે "હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અલ્લાહના રસૂલ છે." જયારે તે એ વાતનો એકરાર કરે છે કે અલ્લાહ સિવાય બીજા કોઈને પણ હું ખુદા નથી માનતો તો એનો અર્થ એવો થાય છે કે તેની દૃષ્ટિમાં સૃષ્ટા માત્ર અલ્લાહ છે, અને તેના સિવાય બીજી કોઈ એવી શક્તિ નથી જેણે કોઈને પેદા કર્યો હોય કે પેદા કરવા સમર્થ હોય. માત્ર અલ્લાહ જ સર્વનો સ્વામી, પાલનહાર અને અસલ હાકેમ છે. સ્વામી, હાકેમ, આજીવિકા પૂરી પાડનાર, દુઆઓ સાંભળનાર અને સ્વીકારનાર અલ્લાહ સિવાય બીજું કોઈ નથી, બીજી કોઈ શક્તિ એ યોગ્ય નથી કે માનવ તેની બંદગી કરે. આ વિશ્વ આપમેળે નથી બની ગયું અને ન તો તેને બનાવનાર અનેક છે, તેને બનાવનાર માત્ર એક અલ્લાહ છે. માત્ર તે જ વિશ્વનો સ્વામી છે. આ વિશ્વમાં જે કાંઈ છે, તેનું છે. અને મૃત્યુ-જીવન તેના જ હાથમાં છે. મુસીબત હોય કે આરામ બધું તેની જ તરફથી હોય છે. તે કોઈ વસ્તુ આપવા ઈચ્છે તો તેને કોઈ રોકી નથી શકતું અને તે આપવા ઈચ્છતો ન હોય તો કોઈ અપાવી શકતું પણ નથી. માત્ર તે જ યોગ્ય છે કે માનવ તેનાથી ડરે, તેની અપ્રસન્નતાથી બચે, તેની સામે હાથ ફેલાવે, તેની સામે માથું નમાવે અને તેની બંદગી કરે. મનુષ્ય કેમ કે અલ્લાહ સિવાય બીજા કોઈનો બંદો નથી અને તેના સિવાય કોઈ તેનો

સ્વામી કે માલિક નથી માટે તેનું મૂળ કાર્ય એ છે કે તેણે તેની અને માત્ર તેની જ આજ્ઞા મુજબ વર્તવું જોઈએ અને તેણે બતાવેલ કાનૂનનું પાલન કરવું જોઈએ.

વિચારો, કેટલો મહાન છે આ એકરાર ! અને જ્યારે આ એકરાર હૃદયપૂર્વક કરવામાં આવે તો માનવ-જીવનમાં તેનો કેટલો વ્યાપક પ્રભાવ પડવો જોઈએ. જ્યારે એક વ્યક્તિ સમજી-વિચારીને એ એકરાર કરી લે કે તે અલ્લાહ સિવાય કોઈને પણ 'ઈલાહ' અને 'મા'બૂદ' તરીકે નથી સ્વીકારતી તો પછી એ વાત ન્યાયસંગત કેવી રીતે હોઈ શકે કે તે આ એકરાર કર્યા પછી પણ કોઈ બીજાને પોતાનો સાચો સ્વામી અને માલિક સમજે અને એમ માને કે તે તેના બગડેલા કાર્યો બનાવી શકે છે, તેની જરૂરિયાતો પૂરી પાડી શકે છે, મુશ્કેલીઓ દૂર કરી શકે છે, ફરિયાદો સાંભળી શકે છે, અને કોઈપણ પ્રકારનો નફો-નુકસાન પહોંચાડી શકે છે. હવે તો તેના દિલમાં ખુદા સિવાય બીજા કોઈની બીક હોવી ન જોઈએ, કે ન બીજી કોઈ વ્યક્તિ પર વિશ્વાસ હોવો જોઈએ, કે ન કોઈથી આશાઓ બાંધવી જોઈએ, કારણ કે એ વ્યક્તિ તો એ વાતનો એકરાર કરી જ ચૂકી છે કે સત્તા અને શાસન માત્ર અલ્લાહ માટે છે અને માત્ર અલ્લાહ જ તમામ સત્તાઓ ધરાવે છે માટે હવે તે બીજા કોઈનો એ અધિકાર કેવી રીતે સ્વીકારી લે કે તે પણ તેને નફો-નુકસાન પહોંચાડવા સમર્થ છે ?

આ જ રીતે જ્યારે કોઇ વ્યક્તિને એ વાત પર વિશ્વાસ થઇ જાય કે અલ્લાહ સિવાય બીજો કોઇ સ્વામી અને મા'બૂદ (પૂજ્ય) નથી તો પછી તેનું અલ્લાહ સિવાય બીજા કોઇની પૂજા કરવી, બીજા કોઇના નામે નજરાણાં અને ન્યાઝો આપવી, કોઇ બીજાની સામે હાથ બાંધીને ઊભા રહેવું, કોઇની સામે શીશ ઝુકાવવું, સિજદો કરવો કે કોઇનું આદર કરવું (જેવી રીતે મુશ્રિકો – અનેકેશ્વરવાદી પોતાની મૂર્તિઓનું કરે છે) શું અર્થ ધરાવે છે ? આ એકરાર અને યકીન પછી એ જરૂરી બને છે કે એ વ્યક્તિ ન તો અલ્લાહ સિવાય બીજા કોઇથી દુઆ માગે, ન આશ્રય માટે કોઇ બીજા પાસે જાય, કે ન કોઇને મદદ માટે પોકારે, કેમકે તેની દૃષ્ટિમાં અલ્લાહ સિવાય બીજું કોઇ એવું છે જ નહીં જેની આજ્ઞાનું પાલન કરવું તેના માટે બંધનકર્તા હોય, જે દુઆઓ સાંભળતું હોય, જે આશ્રય (પનાહ) આપી શકતું હોય કે કપરા સંજોગોમાં મદદે આવી શકતું હોય.*

* એક મનુષ્ય બીજા મનુષ્યને જે સહાય કરે છે, તેની મુસીબતમાં જે કામ લાગે છે અને તેની સાથે જે સહાનુભુતિ દર્શાવે છે તે તદ્દન જુદી વસ્તુ છે. જે પ્રકારની સહાયનું વર્ણન અત્રે કરવામાં આવ્યું છે તે દુન્યવી કારણોથી ઉચ્ચ અને અલૌકિક મદદ છે.

આ એકરાર અને યકીનનું એક અનિવાર્ય પરિણામ અને જરૂરી તકાદો એ પણ છે કે મનુષ્ય અલ્લાહ સિવાય બીજા કોઈને પણ વિશ્વ-સ્વામી ન સમજે, અલ્લાહ સિવાય બીજા કોઈનો એ અધિકાર માન્ય ન રાખે કે તે ઈચ્છે તે આદેશ આપી શકે છે, કે કોઈ કાર્યથી રોકી શકે છે, અથવા મનસ્વીપણે કાયદા ઘડી શકે છે. કેમકે જ્યારે સમગ્ર સૃષ્ટિનો સ્વામી 'અલ્લાહ' છે તો તેને જ એ અધિકાર પણ છે કે તે પોતાના બંદાઓને ઈચ્છે તે આદેશ આપે અને તેમના માટે કાનૂન ઘડે. અને બંદાઓ માટે યોગ્ય રીતે એ જ છે કે તેઓ માત્ર આ વાસ્તવિક સ્વામીના જ આદેશો અને કાનૂનોનું અનુસરણ કરે, કોઈ એવા કાનૂનોને યોગ્ય ન સમજે જે અલ્લાહના આદેશથી સ્વતંત્ર રહીને ઘડવામાં આવ્યા હોય.

એટલું જ નહીં કલ્મએ لا اله الا الله નો એકરાર કર્યા પછી મનુષ્ય મનસ્વીપણે વર્તી શકે પણ નહીં. એવું હોઈ જ ન શકે કે તે જેમ ઈચ્છે તેમ વર્તે. તેણે પોતાની ઈચ્છાઓ અને પસંદ-નાપસંદ અલ્લાહની ઈચ્છાઓને આધીન બનાવવી પડશે. જ્યારે તેણે એ હકીકત સ્વીકારી લીધી છે કે કોઈપણ વસ્તુ તેની પોતાની નથી, એટલે સુધી કે તેનું જીવન પણ સાચા અર્થોમાં તેનું નથી, અને તેની સર્વ શક્તિઓનો અસલી માલિક માત્ર અલ્લાહ જ છે. અને આ બધી વસ્તુઓ તેને 'અમાનત' રૂપે આપવામાં આવી છે; તો તે હવે કોઈપણ વસ્તુને તેના અસલ માલિક અલ્લાહતઆલાની ઈચ્છા વિરુદ્ધ ઉપયોગમાં નહિં લે. તે તેના અર્પનાર (ખુદા)ની ઈચ્છા પ્રમાણે ઉપયોગમાં લે, કેમકે એક દિવસ તેણે ખુદા સમક્ષ ઉપસ્થિત થવું પડશે અને એ વાતનો જવાબ આપવો પડશે કે તેણે અલ્લાહ દ્વારા આપવામાં આવેલ 'અમાનતો'નો ઉપયોગ ક્યા કાર્યમાં કર્યો, ક્યાંક એવું તો નથી બન્યું ને કે તેણે એ અમાનતોથી પોતાની કે પોતાના જેવા બીજા માનવીઓની ઈચ્છા પ્રમાણે કામ લીધું હોય ? જો આ વાત સત્ય પૂરવાર થશે તો તે ખુદા સમક્ષ વિદ્રોહી ઠરશે અને તેને આકરી સજા કરવામાં આવશે.

لا اله الا الله નો એકરાર પછી આપણે એવી કોઈ વસ્તુને પસંદ કરી શકતાં નથી જે અલ્લાહને પસંદ ન હોય. અને કોઈ એવી વસ્તુ પ્રત્યે અણગમો પણ વ્યક્ત કરી શકતાં નથી જે અલ્લાહને પસંદ હોય. આપણા તમામ પ્રયત્નો માત્ર એ માટે હોવા જોઈએ કે આપણે અલ્લાહના આજ્ઞાંકિત પુરવાર થઈએ અને તેની પ્રસન્નતા મેળવીએ. આ હેતુ માટે જીવનની પ્રત્યેક બાબતમાં આપણે એ

જોવું જ પડશે કે તે વિષે અલ્લાહે આપણા માર્ગદર્શન માટે શી વ્યવસ્થા કરી છે. નૈતિક બાબતો, વર્તાવ, રહેણી-કરણી, ખાન-પાન, વેપાર, કમાવવું અને ખર્ચ કરવું, કાનૂન બનાવવા અને રાજ્ય શાસન કરવું, ટૂંકમાં જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં અલ્લાહે બતાવેલા માર્ગ પર જ આપણે ચાલવું પડશે. અને માત્ર તે કાનૂનને જ ખરૂં અને યોગ્ય સ્વીકારવું પડશે જે આપણને ખુદા તરફ આપવામાં આવ્યું છે. આ કાનૂનની વિરુદ્ધ જે કાંઈ પણ હોય તેને અનિવાર્યપણે ખોટું માનીએ. ખોટું જાહેર કરીએ, રદ કરવા પાત્ર ઠેરવીએ અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાંથી તેને દૂર કરવા પ્રયત્ન કરવા જોઈએ.

لَا إِلٰهَ إِلَّا اللّٰهُ પછી બીજું વાક્ય જેનો આપણે એકરાર કરીએ છીએ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ છે. આ વાક્યનો અર્થ એ છે કે હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસૂલ છે. આપ અલ્લાહના એ અસંખ્ય પયગમ્બરોમાંથી સૌથી છેલ્લા પયગમ્બર છે જે સૃષ્ટિના આરંભથી જ વિવિધ દેશો અને જાતિઓમાં અલ્લાહના બંદાઓ સુધી તેનો સંદેશ પહોંચાડવા નિયમિત રીતે આવતાં જ રહ્યાં છે. આપ સ.અ.વ. દ્વારા અલ્લાહનો જે 'દીન' આવ્યો તે સૌથી છેલ્લો, સૌથી સંપૂર્ણ અને સૌથી વ્યાપક દીન છે. તે વિશ્વના સમગ્ર લોકો માટે છે અને હંમેશ માટે છે. આ 'દીન' એટલે કે 'હિદાયતનામા'ની જે આવશ્યક્તા હતી તે સ્પષ્ટ છે. જ્યારે માત્ર અલ્લાહતઆલા જ મનુષ્યોનો સર્જક, સ્વામી, પાલનહાર અને શાસક તેમજ મા'બૂદ છે તો એ જરૂરી થઈ પડે છે કે તેના આદેશો અને 'હિદાયતો'નું સંપૂર્ણ જ્ઞાન માનવીને હોય. અલ્લાહના બંદાઓ એ વાતથી વાકેફ હોય કે તેમનો મા'બૂદ અને આકા (સ્વામી) તેમનાથી શું અપેક્ષા રાખે છે, તેમણે શું કરવું જોઈએ અને શું નહીં, ક્યા કાર્યો કરશે તો અલ્લાહ રાજી થશે, અને ક્યા કાર્યો એવા છે જે અલ્લાહને પસંદ નથી, એ કયો માર્ગ છે જેના પર ચાલવાથી અલ્લાહની પ્રસન્નતા મેળવી શકાશે અને આખિરતમાં તેની બક્ષિશો અને ને'મતોના હકદાર બની શકાશે, અને એ માર્ગો ક્યા છે જેમનાથી બચીને ચાલવું જરૂરી છે જેથી કરીને તેની અપ્રસન્નતા અને ક્રોધથી આપણે સુરક્ષિત રહીએ. આ જ આવશ્યક્તાની પૂર્તિ માટે અલ્લાહે બીજા પયગમ્બરોની જેમ હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ને પણ પોતાના પયગમ્બર બનાવ્યા અને આપ (સ.અ.વ.) દ્વારા આપણને પોતાની ઈચ્છાની જાણ કરી. અને આ હેતુ માટે તેણે પોતાનો ગ્રંથ 'કુર્આનિમજીદ' આપણી પાસે મોકલ્યું. હઝરત

મુહમ્મદ (સ.અ.વ.)એ કુર્આનમાં બતાવ્યા પ્રમાણે આચરણ કરીને આપણને જિંદગી ગુજારવાની રીત બતાવી. આથી હઝરત મુહમ્મદ સ.અ.વ.ને અલ્લાહના રસૂલ માનવાનો અર્થ એ થયો કે એ દરેક વાતનું અનુસરણ કરવામાં આવે જે આપ (સ.અ.વ.)એ આપણને બતાવી હોય. અલ્લાહના રસૂલ (સ.અ.વ.)એ આપેલા કાનૂનનું જ અનુસરણ કરવામાં આવે અને અલ્લાહની ઈબાદત પણ એ જ રીતે કરવામાં આવે જે પ્રમાણે અલ્લાહના રસૂલ (સ.અ.વ.)એ બતાવી છે. ઈસ્લામમાં પ્રવેશ કર્યા પછી રસૂલુલ્લાહ સ.અ.વ.ના અનુસરણથી ઈન્કાર કરવો કે આપ (સ.અ.વ.)ના કોઈ આદેશને સત્યથી વેગળું ગણવું ઈમાનની નહીં પથભ્રષ્ટતાની વાત છે. આપણું એ કર્તવ્ય છે કે એ દરેક આદેશ પર અમલ કરીએ જેના વિષે આપણને એ માલૂમ પડે કે તે આદેશ રસૂલુલ્લાહ (સ.અ.વ.) દ્વારા આપવામાં આવેલ છે, અને તે દરેક કાર્યથી અળગાં રહીએ જેના વિષે એ માલૂમ થઈ જાય કે રસૂલે અકરમ (સ.અ.વ.)એ તે કાર્ય કરવાની આપણને મનાઈ ફરમાવી છે. કોઈ વસ્તુ રસૂલુલ્લાહ (સ.અ.વ.) દ્વારા લાવેલ 'દીન' અને સુન્નત પ્રમાણે છે એ વાતની ખબર જ્યાં સુધી ન હોય ત્યાં સુધી એ વાતનો સ્વીકાર કરવો જોઈએ નહીં અને જે વાત તેની વિરૂદ્ધ હોય તેનો અસ્વીકાર કરવો જોઈએ.

આ છે لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ નો અર્થ અને તેના પર ઈમાન લાવવાના જરૂરી તકાદાઓ. આ કલ્માનો સાચા દિલથી એકરાર કરનાર વ્યક્તિ અલ્લાહનો નિઃસ્વાર્થ બંદો અને હઝરત મુહમ્મદ સ.અ.વ.નું સંપૂર્ણપણે અનુસરણ કરનાર હશે. તેનું સમગ્ર જીવન અલ્લાહની ઈચ્છા અને તેના 'દીન'ના બીબામાં ઢળેલું હશે. એની વિરુદ્ધ આ કલ્મા પર ઈમાન ન લાવનાર વ્યક્તિ અલ્લાહનો 'દ્રોહી' હશે. દુન્યવી જીવનમાં આ બન્ને માણસો જુદા જુદા માર્ગ પર ચાલશે. અને માટે જ આખિરતમાં પણ બન્નેના અંત જુદા જુદા હશે. પહેલી વ્યક્તિ અલ્લાહના રસૂલ અને તેના દીનની વફાદાર હોવાને કારણે દુનિયા અને આખિરત બન્ને ઠેકાણે અલ્લાહની રહેમત (કૃપા) અને મગફિરત (ક્ષમાદાન)ની હકદાર હશે, જ્યારે બીજી વ્યક્તિ દ્રોહી અને ઈન્કાર કરનાર હોવાના કારણે તેના પ્રકોપ અને 'અઝાબ' (કષ્ટ, યાતના)ને પાત્ર ઠરશે.

—●—

ઈસ્લામ

ઈસ્લામના બુનિયાદી અકીદાનો પરિચય તમને થઈ ચૂક્યો, અને એ પણ જાણી લીધું કે આ અકીદો જ્યાં સુધી કોઈ વ્યક્તિના દિલમાં બેઠો ન હોય અને તે એનો સાચા દિલથી એકરાર ન કરી લે ત્યાં સુધી તેને મુસલમાન કહી શકાય નહીં, ભલે પછી તેનું નામ મુસલમાનો જેવું હોય અને કોઈ મુસલમાનના ઘરમાં જન્મી હોય. لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ પર સાચા દિલથી ઈમાન એ મુસલમાન બનવાની અનિવાર્ય શરત છે. હવે ઈસ્લામનો સંપૂર્ણ અર્થ સમજી લો. ઈસ્લામનો અર્થ થાય છે ખુદાનું સંપૂર્ણ આજ્ઞાપાલન અને કુફ્રનો અર્થ ખુદાનો ઈન્કાર, કૃતઘ્નતા અને ખુદાઈ આજ્ઞાનું ઉલ્લંઘન છે. ઈસ્લામમાં માનનાર અને ન માનનાર બન્ને મનુષ્ય છે, બન્નેને ખુદાએ પેદા કર્યા છે અને તેના બંદા છે. પરંતુ પ્રથમ મનુષ્ય પોતાના સ્વામી અને ઉપકારકને ઓળખે છે, તેના પોતાનો સ્વામી અને શાસક માને છે, તેના આદેશો પ્રમાણે ચાલે છે અને તેના ઉપકારો (ને'મતો)નો હૃદયપૂર્વક આભાર માને છે તેથી તે મુસલમાન છે. અલ્લાહ તેનાથી પ્રસન્ન થાય છે અને મૃત્યુ પછી તેનું ઠેકાણું સ્વર્ગ હોય છે. બીજો મનુષ્ય પોતાના સ્વામીને ઓળખતો જ નથી અને જો ઓળખતો હોય તો પણ ખોટા રૂપમાં, તેની ખુદાઈમાં બીજાઓને તેના ભાગીદાર બનાવે છે. તેના આદેશો પ્રમાણે ચાલવાને બદલે કાં તો મનસ્વીપણે વર્તે છે, અથવા તો પોતાના જેવા બીજા મનુષ્યોની ગુલામીનો સ્વીકાર કરે છે, પોતાના અસલ માલિકની આજ્ઞાપાલનનો ઈન્કાર કરે છે, અને તેણે આપેલી ને'મતોને તેની ઈચ્છા વિરુદ્ધના કાર્યોમાં ઉપયોગમાં લઈ તેની નાશુક્રી કરે છે અને માટે તે કાફિર કહેવાય છે, અલ્લાહ તેનાથી નારાજ થાય છે અને મૃત્યુ પછી તેનું ઠેકાણું દોઝખ હશે. આ તે વાત છે જે એક મુસલમાનને કાફિરથી જુદી પાડે છે.

વિચારો, એક વ્યક્તિ પોતાને મુસલમાન કહેવડાવે છે પણ મુસલમાન કોને કહે છે એનું તેને જ્ઞાન જ નથી. તેનો માલિક કોણ છે ? તેની શી ઈચ્છા

છે ? એની તેને કોઈ ચિંતા જ નથી કે તેના માલીકનો શું હુકમ છે ? એક મુસલમાન હોવાની રૂએ તેણે શું કરવું જોઈએ, અને શું ન કરવું જોઈએ ? તો શું માત્ર નામ, પહેરવેશ અને ખાન-પાનના તફાવતના કારણે તે અલ્લાહનો આજ્ઞાંકિત બંદો બની જશે ? તે એનાથી ખુશ થઈને આખિરતમાં પોતાની રહેમતો વરસાવશે ? તમે કહેશો એવું ન બની શકે અને વાસ્તવમાં છે પણ એમજ કે અલ્લાહની દૃષ્ટિમાં કોઈ એવી વ્યક્તિ તેના કોઈ ખાસ જાતિ, કુટુંબ કે બિરાદરીના સંબંધ માત્રથી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત નથી કરી શકતી. તેની નજીક તો ઉચ્ચ સ્થાન એને જ મળશે જે તેને સારી રીતે જાણતી હોય, તેની અપ્રસન્નતાથી હંમેશાં બચતી હોય અને પોતાની શક્તિ પ્રમાણે તેના આદેશો પર ચાલવા સદાય પ્રયત્નશીલ રહેતી હોય. તેનો જન્મ ભલે કોઈ પણ કુટુંબમાં થયો હોય. ઈસ્લામમાં એ વાત બિલકુલ નથી કે કોઈ વ્યક્તિને જન્મના કારણે નિમ્ન કોટિની ગણવામાં આવે. અહીં તો નિમ્કોટિની વ્યક્તિ તે છે જે અલ્લાહમાં નથી માનતી અથવા તેના આદેશોનું ઉલ્લંઘન કરતી હોય અને તેણે બતાવેલા માર્ગ પરથી વિચલિત થઈ કોઈ બીજા માર્ગને અનુસરતી હોય.

આજે મુસલમાનોની સ્થિતિ શું છે ? તેમની સંખ્યા તો ઘણી છે. વિશ્વના ઘણાય દેશોમાં તેમની હકૂમતો પણ સ્થપાયેલી છે પણ તેમને એ પ્રતિષ્ઠા પ્રાપ્ત નથી જે તેમને મળવી જોઈતી હતી. હોવું તો એ જોઈતું હતું કે તેમનું સ્થાન વિશ્વના બીજા રાષ્ટ્રો અને મિલ્લતોથી ઉચ્ચ હોય, કેમકે તેઓ એ ખુદાને માનનારા છે જે સર્વ શક્તિમાન છે. અને તેણે યોગ્ય જ ફરમાવ્યું છે કે, "તમે (મુસલમાન) જ વિજયી નીવડશો અને સફળ થશો, માત્ર એ શરતે કે તમે સાચા અર્થોમાં ઈમાનવાળા હોવ." પણ અહીં તો સ્થિતિ જ જુદી છે. વિચારો, આનું કારણ શું છે ? સ્પષ્ટ છે કે આનું કારણ ફકત એક જ હોઈ શકે છે, અને તે એ છે કે જે મુસલમાનનું મસ્તક ખુદા સિવાય બીજા કોઈની આગળ નમવું ન જોઈતું હતું તેનું મસ્તક આજે જ્યાં જુઓ ત્યાં પોતાના જેવા જ માણસોની આગળ નમી રહ્યું છે, જે મુસલમાનના હૃદયમાં ખુદા સિવાય કોઈની બીક ન હોવી જોઈએ તેના હૃદયમાં સેંકડો પ્રકારની બીક બેસેલી છે. જે મુસલમાને ખુદાએ અર્પેલી બક્ષિશોના ઉપયોગમાં મનસ્વીપણે વર્તવું જોઈતું ન હતું, તે આજે એ ને'મતોનો મનસ્વીપણે ઉપયોગ કરી રહ્યો

છે. મુસલમાનો આજે તે ને'મતોનો તેની ઇચ્છા વિરુદ્ધ ઉપયોગ કરતાં પણ અચકાતાં નથી. જે મુસલમાન માટે જીવન જીવવાનો માત્ર એક જ કાનૂન અને માર્ગદર્શનનું એક જ ગ્રંથ હતો, જે તેને ખુદા તરફથી તેના અંતિમ રસૂલ હઝરત મુહમ્મદ સ.અ.વ. દ્વારા મળ્યું હતું, તેની સાથેનો તેનો જીવન-સંબંધ આજે નામશેષ રહી ગયો છે. સૈકાઓથી તેનું જીવન બિન-ખુદાઈ કાનૂન અને બિન-ખુદાઈ ધારા-ધોરણો હેઠળ વ્યતીત થઇ રહ્યું છે. ખુદાનો અંતિમ ગ્રંથ તેના મૂળ સ્વરૂપમાં હોવા છતાં તેમણે તેને અભરાઈએ ચઢાવી દીધો છે. જો કે તેઓ તેની તિલાવત કરે છે પણ તેને સમજવાની અને તેના આદેશો પ્રમાણે વર્તવાની કોશિશ જવલ્લે જ કરે છે.

આ સર્વ હકીકતો એ વાતની સાક્ષી પૂરે છે કે મુસલમાનના વ્યવહારિક જીવનમાં આ ગ્રંથના આદેશોનું અનુસરણ થતું નથી. આવી પરિસ્થિતિમાં મુસલમાનો પ્રતિષ્ઠા અને પ્રિયપાત્રના તે સ્થાનને કેવી રીતે પામી શકે છે જે અલ્લાહની દૃષ્ટિમાં સાચા ઈમાનવાળાઓનું છે. મુસલમાનો જો એ દૃષ્ટિએ સૌથી ભાગ્યશાળી સમૂહ હોય કે માત્ર તેમની પાસે જ અલ્લાહની વાણી તેના અસલ સ્વરૂપમાં છે તો તેઓ એ દૃષ્ટિએ સૌથી અભાગી સમૂહ પણ છે કે ખુદાઈ વાણી ધરાવતા હોવા છતાં પણ તેઓ તેની બરકતોથી વંચિત છે. કુર્આનને મોકલવાનો આશય તો એ હતો કે લોકો તેની તિલાવત કરે, સમજે, તેમાં બતાવ્યા પ્રમાણે આચરણ કરે, અને પોતાના સમગ્ર જીવનમાં તેનાથી માર્ગદર્શન મેળવે, જેથી તેઓ આખિરતમાં પણ સફળ રહે અને દુનિયામાં પણ. આજે વિશ્વમાં જ્યાં જુઓ ત્યાં અજંપો છે, જ્યાં જુઓ ત્યાં બૂરાઈઓનું સામ્રાજ્ય છે, સ્વાર્થવૃત્તિ અને અન્યાયની બોલબાલા છે. નૈતિક અધઃપતન થઈ રહ્યું છે. અને માનવતા ચિત્કાર કરી રહી છે. આ સર્વ અનિષ્ટોનું મૂળ કારણ એ છે કે માનવ પોતાના ખુદાને ભૂલી ગયો છે. તેનું જીવન એવા સિદ્ધાંતો, પદ્ધતિઓ અને કાનૂનો દ્વારા દોરવાઈ રહ્યું છે જે તેના પોતાનાં ઘડેલાં છે. અને કેમકે તે તેણે પોતે ઘડયા છે માટે તેમાં ખામી રહેલી છે. આ સિદ્ધાંતો, પદ્ધતિઓ અને કાનૂનો જીવનને સુધારવા કે શણગારવાને બદલે તેને વધુમાં વધુ ખરાબ બનાવી રહ્યા છે. જીવનનો એક એવો કાનૂન જે આ બધી બૂરાઈઓથી પાક હોય અને જેમાં માનવજાત માટે ભલાઈ જ ભલાઈ

રહેલી હોય તે તો માત્ર ખુદા જ આપી શકે છે, જે તેમનો સૌનો સર્જનહાર અને પાલનહાર પણ છે. તે (ખુદા) તેમના હિત-અહિતનું પણ સાચું જ્ઞાન ધરાવે છે અને તેમના મનની નબળાઈઓ અને કુદરતી જરૂરિયાતોને પણ સારી રીતે જાણે છે. તેણે ક્યારેય પણ પોતાની મહેરબાનીઓથી માનવને વંચિત રાખ્યો નથી. તેની આ જ મહેરબાની આપણી સમક્ષ ઇસ્લામના રૂપમાં આવી છે. આ ઇસ્લામ અને જીવનની આ ખુદાઈ-વ્યવસ્થા ભૂતકાળમાં પોતાના મૂળ સ્વરૂપમાં દુનિયામાં સ્થપાઈ ચૂકી છે, અને દુનિયાએ તેનો અનુભવ પણ કર્યો છે. ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે જ્યારે આ વ્યવસ્થા પોતાના મૂળ સ્વરૂપમાં સ્થાપિત હતી ત્યારે માનવજીવન સદ્‌ગુણો અને સુખથી છલકાતું હતું. આ વ્યવસ્થાના સ્થાપકો લોકોની આંખોના તારા બન્યા હતા. પ્રતિષ્ઠા તેમની દાસી હતી, અને સમગ્ર વિશ્વએ તેમને રાષ્ટ્ર-નેતા અને માર્ગદર્શક બનાવ્યા હતા. ખુદાની આ રહેમતો (કૃપા) અર્થાત્ આ ઇસ્લામ અને ઇસ્લામી વ્યવસ્થા, આજે પણ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ કેટલી અફસોસની વાત છે કે તેનો ઉપયોગ નથી થતો ! ઇસ્લામના અનુયાયી હોવાનો દાવો કરનાર જ તેનાથી માર્ગદર્શન નથી મેળવતા. તેમને એ વાતની ચિંતા જ નથી હોતી કે ખુદાના આ ગ્રંથના માર્ગદર્શન અનુસાર તેમનો અકીદો (આસ્થા) શું હોવો જોઈએ ? તેમના નૈતિક ધોરણો શું અને કેવા પ્રકારના હોવા જોઈએ, સત્ય શું છે અને અસત્ય શું છે, તેમણે કઈ વસ્તુને પસંદ કરવી જોઈએ અને કઈ વસ્તુને નાપસંદ કરવી જોઈએ. તેમના માટે મૈત્રી અને શત્રુતાના આધાર શું હોવા જોઈએ. તેમનું બીજી વ્યક્તિઓ પ્રત્યે શું કર્તવ્ય છે અને તેનું પાલન કેવી રીતે કરવું જોઈએ. તેમણે પોતાનું કૌટુંબિક જીવન કેવી રીતે ગાળવું જોઈએ, વેપારમાં કઈ બાબતોથી બચવું જોઈએ, પોતાના સામૂહિક કાર્યો કેવી રીતે કરવા જોઈએ; તેમને પ્રતિષ્ઠા અને સફળતા ક્યા કાર્યોથી મળશે, અને ક્યા કાર્યો એવા છે જે અપમાન અને નિરાશામાં પરિણમશે.

મુસલમાન હોવાની રૂએ એ જરૂરી હતુ કે આ સમગ્ર બાબતોમાં આપણે ખુદાના પુસ્તકનું માર્ગદર્શન મેળવતા અને ત્યારબાદ તેનું અનુસરણ કરતા. પરંતુ આજે આપણે આ બાબતો વિશે બીજાઓને પૂછીએ છીએ. હદ તો એ છે કે આ બાબતોમાં આપણે ખુદામાં નહીં માનનારાઓનું અનુસરણ

કરતાં પણ ખચકાંતા નથી. આનું જ પરિણામ છે કે આજે આપણે ખુદાની સૌથી મહાન 'ને'મત' ધરાવતા હોવા છતાં પણ તેની બરકતોથી વંચિત છીએ. પ્રકાશને આપણે પાલવમાં સંતાડયો છે. પોતે પણ ભટકી રહ્યા છીએ અને બીજાને પણ માર્ગ નથી દેખાડતા. વિચારો, ખુદાના પુસ્તક પર આપણે કેટલો જુલમ ગુજાર્યો છે ! અને જો અત્યારે અપમાન અને અધોગતિ આપણું ભાગ્ય બની ગયું હોય તો શું તે ખુદાના પુસ્તક પર આપણે ગુજારેલા અત્યાચારનું પરિણામ નથી? હા! ચોક્કસપણે એનું જ પરિણામ છે. તેથી આપણે જો આ સંકટમાંથી ઊગરવા ઇચ્છતા હોઈએ તો તેનો ઉપાય એ સિવાય બીજો કોઈ નથી કે આપણે અલ્લાહની કિતાબ અને તેના 'દીન' પર અત્યાચાર ગુજારવાનું ત્યજીને તેના અનુસરણને સાચા દિલથી ન્યાય આપવા તૈયાર થઈ જઈએ.

પણ હા, આ તબક્કે 'અનુસરણને ન્યાય' આપવાનો અર્થ પણ સમજી લો. ઈસ્લામ જે દીનનું નામ છે તે સંસારના બીજા ધર્મોની જેમ માત્ર કેટલીક જાણીતી વિધિઓ અને ઇબાદતોનું નામ નથી. બલ્કે એ તો એક એવો દીન છે જે માનવ-જીવનના દરેક ક્ષેત્રને આવરી લે છે અને તેના જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં માર્ગદર્શન આપે છે. કુર્આનેકરીમ અને હદીસ શરીફ પર દૃષ્ટિપાત કરતાં જણાશે કે તેમાં જયાં, અકીદો શું છે, અલ્લાહની ઇબાદત કઈ રીતે કરવી જોઈએ, તેનું સ્મરણ, તેની હમ્દ (પ્રશંસા) અને તેની તસ્બીહ (ખુદાની પ્રશંસાનું વર્ણન)ની દીનમાં મહત્તાનું વર્ણન છે, ત્યાં એ પણ છે કે વ્યક્તિને પોતાનું વ્યક્તિગત જીવન કેવી રીતે ગાળવું જોઈએ, લેવડ-દેવડમાં કઈ મર્યાદાઓનું ધ્યાન રાખવું જોઈએ? રહેણી-કરણી કેવા પ્રકારની હોવી જોઈએ? આજીવિકા મેળવવા અને ખર્ચ કરવામાં કયા સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ? સરકાર કેવી રીતે બનાવવી અને ચલાવવી જોઈએ? યુદ્ધ અને સંધિના સિદ્ધાંતો શું હોવા જોઈએ ? ટૂંકમાં મનુષ્યના વ્યક્તિગત અને સામૂહિક જીવન અને તેને સ્પર્શતી દરેક બાબત વિશે 'કુર્આન' અને 'સુન્નત'માં આદેશો આપવામાં આવ્યા છે. અને એ જરૂરી બાબત આ ચેતવણી સાથે મોજૂદ છે કે ખુદાની બંદગી અને આજ્ઞાપાલનની ફરજ બજાવવા માટે એ જરૂરી છે કે એ તમામ આદેશોનું સંપૂર્ણપણે અનુસરણ કરવામાં આવે, તેમાંના કોઈ પણ આદેશની

અવગણના ન કરવી જોઈએ. અને જો આમ ન કરતાં જાણી જોઈને આ આદેશોમાંના અમુકની અવગણના કરવામાં આવી તો તે એક એવો અપરાધ હશે જેની દુનિયા અને આખિરત બન્નેમાં આકરી સજા મળશે. મો'મિન માટે એ ન હોઈ શકે કે અલ્લાહના આદેશોમાંથી તેને જે પસંદ પડે તેનું અનુસરણ કરવામાં આવે અને જે આદેશ પસંદ ન પડે તેનું અનુસરણ ન કરે. તેનો માર્ગ તો એક જ હોઈ શકે છે અને તે એ કે સમગ્ર કુર્આનને જેમ તે અલ્લાહ દ્વારા મોકલવામાં આવેલ ગ્રંથ સમજે છે તેમ એ વાત પર પણ તે શ્રદ્ધા રાખે છે કે તેમાં જે કાંઈ છે તે સઘળું અનુસરણ અને આજ્ઞાપાલન માટે જ છે; માત્ર તિલાવત માટે નહીં. માત્ર આ માર્ગ પર ચાલીને જ અલ્લાહની બંદગી અને તેના આદેશોનું અનુસરણ કરી શકાય છે, એટલું જ નહીં પણ મુસલમાનો તેના દ્વારા દુનિયા અને આખિરત (પરલોક) બન્ને જગ્યાએ ખુદાની રહેમતો (કૃપા)ના હકદાર બની શકે છે.

—●—

મુસલમાન

અત્યાર સુધી જે બતાવવામાં આવ્યું છે તેનાથી આપ એ વાત તો સારી રીતે સમજી ગયા હશો કે મુસલમાન કોઈ જાતિ, કુટુંબ, બિરાદરી કે સંપ્રદાયનું નામ નથી પણ એક વિશિષ્ટ માન્યતા અને એક ખાસ કાર્ય-પદ્ધતિ ધરાવનાર વ્યક્તિનું નામ છે. આસ્થા (અકીદા)નું વર્ણન બીજા પ્રકરણમાં વિગતવાર કરવામાં આવ્યું હોઈ તમે તેનાથી સારી રીતે પરિચિત થઈ ચૂક્યા છો. પરંતુ આ વિશિષ્ટ પદ્ધતિનું વિગતવાર વર્ણન હજુ તમારી સમક્ષ રજૂ નથી થયું. આવો, તેને આપણે સ્પષ્ટપણે સમજી લઈએ જે એક મુસલમાનની કાર્ય-પદ્ધતિના અતૂટ અંગો સમાન છે.

એ તો તમે જાણી ચૂક્યા છો કે ખુદાની આજ્ઞાનું પાલન કરવાથી ઈન્કાર કરવાનું નામ 'કુફ્ર' છે અને ખુદાની આજ્ઞાપાલનનું નામ 'ઇસ્લામ' છે. ઇસ્લામનો અર્થ જ અલ્લાહની આજ્ઞાઓનું પાલન છે. આ આજ્ઞાપાલનનો મૂળભૂત તકાદો એ છે કે મનુષ્ય તે દરેક પદ્ધતિ અને કાનૂન કે આદેશને ખોટું અને અસ્વીકાર્ય સમજે જે ખુદાએ મોકલેલ માર્ગદર્શનની વિરુદ્ધ હોય. અલ્લાહતઆલા સિવાય કોઈને સ્વતંત્ર અને કાયમી વિધાયક (કાંનૂન ઘડનાર) ન સ્વીકારે, અને એ તમામ આદેશોને અયોગ્ય ગણે જે અલ્લાહના આદેશની વિરુદ્ધ હોય. કુઆર્નિ હકીમમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે :

وَ مَنْ لَّمْ يَحْكُمْ بِمَآ اَنْزَلَ اللّٰهُ فَاُ و لٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ O (المائده : ۴۴)

"જે લોકો ખુદાએ મોકલેલ માર્ગદર્શન પ્રમાણે ફેંસલો ન કરે, વાસ્તવમાં તેઓ કાફિર છે." (સૂરઃમાઈદહ - ૪૪)

આનો સ્પષ્ટ અર્થ એ છે કે જીવનમાં તમારી સામે જયારે પણ કોઈ પ્રશ્ન આવે તો તમારે તેનો જવાબ અલ્લાહે મોકલેલ માર્ગદર્શનમાંથી જ મેળવી તે અનુસાર વર્તવું જોઈએ. જીવનની દરેક બાબત વિષે અલ્લાહનો ગ્રંથ (કુર્આન) અને તેના

રસૂલની સુન્નત તે વિષે શું કહે છે તે જાણવું જરૂરી છે. જે વ્યક્તિ આ પદ્ધતિને અનુસરે છે તેની પદ્ધતિ ઇસ્લામની પદ્ધતિ છે અને એક મુસલમાનને એ પ્રમાણે જ વર્તવું જોઈએ. જે કોઈ મુસલમાન અલ્લાહ દ્વારા બતાવવામાં આવેલા માર્ગને છોડીને એવા માર્ગને અનુસરે, જે કાં તો તેની મનેચ્છાઓએ સૂચવેલ હોય, કે પછી તેના બાપ-દાદાના રિવાજોના આંધળા અનુકરણનું પરિણામ હોય અથવા તો મનુષ્યની પોતાની કાચી બુદ્ધિએ ઘડેલા હોય તો તેનો માર્ગ તે 'કુફ્ર'નો માર્ગ છે અને એક સાચો મુસલમાન તેને અનુસરવાની ભૂલ ક્યારેય નહીં કરે.

મુસલમાન તો એને જ કહી શકાય જે ફક્ત અલ્લાહનો હુકમ માને અને તેના હુકમની સામે પોતાના મનની કોઈ વાત ન સાંભળે. પોતાના કુટુંબ અને રાષ્ટ્રની વાત પણ ન સાંભળે, કે ન જ કોઈ સત્તા કે હકૂમતની નાખુશીની બીક રાખે, કેમકે તે બંદો (ગુલામ) અલ્લાહનો છે અને તેણે બંદગી (ગુલામી) પોતાના એ અલ્લાહની જ કરવી જોઈએ, ન તો તે બીજા કોઈનો ગુલામ છે કે ન તો તેણે બીજા કોઈની ગુલામી કરવી જોઈએ. અલ્લાહતઆલા ફરમાવે છે :

قُلْ يَٰٓأَهْلَ ٱلْكِتَٰبِ تَعَالَوْا۟ إِلَىٰ كَلِمَةٍ سَوَآءٍۭ بَيْنَنَا وَبَيْنَكُمْ أَلَّا
نَعْبُدَ إِلَّا ٱللَّهَ وَلَا نُشْرِكَ بِهِۦ شَيْـًٔا وَلَا يَتَّخِذَ بَعْضُنَا بَعْضًا أَرْبَابًا
مِّن دُونِ ٱللَّهِ ۚ فَإِن تَوَلَّوْا۟ فَقُولُوا۟ ٱشْهَدُوا۟ بِأَنَّا مُسْلِمُونَ ○

"હે નબી કહો, હે અહલે કિતાબ (ગ્રંથવાળાઓ) આવો, એક એવી વાત તરફ જે તમારી અને આપણી વચ્ચે સમાન છે (એટલે કે તેમને તમારા નબી પણ બતાવવામાં આવ્યા છે અને ખુદાનો નબી હોવાની રૂએ પણ હું એ જ વાત કહું છું.) તે વાત એ છે કે આપણે અલ્લાહ સિવાય બીજા કોઈની ઉપાસના ન કરીએ, ન તેની ખુદાઈમાં કોઈને ભાગીદાર બનાવીએ અને ન આપણામાંથી કોઈ અલ્લાહને છોડી બીજા કોઈને પોતાનો 'રબ' (સ્વામી) બનાવે અને જો તેઓ આ વાતથી મુખ ફેરવી લે તો તેમને સ્પષ્ટ કહીદો કે "સાક્ષી રહો, અમે તો મુસ્લિમ (અલ્લાહના આજ્ઞાંકિત) છીએ"

(સૂરઃઆલે-ઇમરાન-૬૪)

اَفَغَيْرَ دِيْنِ اللّٰهِ يَبْغُوْنَ وَلَهٗٓ اَسْلَمَ مَنْ فِى السَّمٰوٰتِ وَالْاَرْضِ
طَوْعاً وَّ كَرْهاً وَّ اِلَيْهِ يُرْجَعُوْنَ ○

"શું તેઓ અલ્લાહ સિવાય બીજા કોઈની આજ્ઞાનું પાલન કરવા ઈચ્છે છે? જો કે પૃથ્વી અને આકાશની દરેક વસ્તુ મને-કમને તેની આજ્ઞાનું પાલન કરી રહી છે અને બધાંને તેની તરફ જ પાછા ફરવાનું છે." (સૂરઃઆલે-ઈમરાન-૮૩)

આ બન્ને આયતોમાં એક જ વાત વર્ણવવામાં આવી છે, એટલે કે ખુદાની આજ્ઞાઓના પાલનનું જ નામ અસલ દીન છે. આજ્ઞાપાલનનો અર્થ દિવસમાં પાંચ વાર સિજદો કરી લેવા સુધી જ સીમિત નથી, બલ્કે તેની ઈબાદતનો અર્થ તો એ છે કે આપણે તેની ઉપાસના પણ કરીએ અને પોતાના સમગ્ર જીવનમાં તેના આદેશોનું પાલન પણ. જે વસ્તુ કરવાની તેણે આપણને ના પાડી છે તેને કદાપિ ન કરીએ, અને જે કાર્ય કરવાનો આપણને આદેશ આપ્યો છે તે જરૂર કરીએ, દરેક બાબતમાં હંમેશાં એ જોવું જોઈએ કે તેના વિષે ખુદાનો આદેશ શું છે. જ્યારે આપણને તેના આદેશની જાણ થઈ જાય ત્યારે આપણું હૃદય શું કહે છે, આપણી બુદ્ધિ શું કહે છે, ફલાણા સાહેબ શું ફરમાવે છે, આપણા બાપ-દાદા શું કરતા હતા, આપણા કુટુંબની પ્રણાલિકા શું છે, અત્યારે લોકો કઈ વસ્તુને પસંદ કરે છે, બીજા લોકો આ બાબત વિશે શું વિચારે છે વગેરે બાબતો ન જોવી જોઈએ. જો આપણે ખુદાને છોડીને કોઈ બીજાની વાત માની લઈશું તો તેનો મતલબ એ થશે કે આપણે વ્યવહારમાં તે વ્યક્તિને ખુદાઈમાં સામેલ કરી લીધી છે અને કોઈને કોઈ ક્ષેત્રમાં તેને એ દરજ્જો આપ્યો છે જે અલ્લાહનો છે. અને આ વાત એટલી ખતરનાક છે કે તેના સ્વીકાર પછી માણસ વિનાશના ખાડામાં જઈ પડે છે.

મનુષ્યને અલ્લાહની બંદગીથી રોકનારી અને પથભ્રષ્ટ (ગુમરાહ) કરનારી મુખ્યત્વે ત્રણ બાબતો છે. જે વ્યક્તિ મુસલમાન તરીકે રહેવા અને ખુદાની ઉપાસનાની ફરજ બજાવવા ઈચ્છે છે તેના માટે આ ત્રણેય બાબતો સારી રીતે જાણવી જરૂરી છે. આ ત્રણેય બાબતોથી તેને સંપૂર્ણપણે સાવધ રહેવું જોઈએ. આ ત્રણ બાબતો નીચે પ્રમાણે છે :

- મનેચ્છાની ગુલામી
- બાપ-દાદા, કુટુંબ કે રાષ્ટ્રની ગુલામી
- દુનિયાની એવી વ્યક્તિઓની ગુલામી જેમને તેમના ધન કે સત્તાના કારણે લોકો મહાન ગણતા હોય અથવા તો જેમને લોકો પોતાના માર્ગદર્શક કે નેતા બનાવી લે છે.

મનેચ્છાની ગુલામી સંબંધે અલ્લાહતઆલા ફરમાવે છે :

وَمَنْ أَضَلُّ مِمَّنِ اتَّبَعَ هَوَىٰهُ بِغَيْرِ هُدًى مِّنَ اللَّهِ ۚ
إِنَّ اللَّهَ لَا يَهْدِي الْقَوْمَ الظَّالِمِينَ ○

"એનાથી વધીને પથભ્રષ્ટ (ગુમરાહ) કોણ હશે જે અલ્લાહના માર્ગદર્શન પ્રમાણે ચાલવાને બદલે પોતાની ઈચ્છાઓના કહ્યા પ્રમાણે ચાલે, આવા જુલ્મી લોકોને ખુદા માર્ગદર્શન આપતો નથી." (સૂરઃકસસ-૫૦)

أَرَأَيْتَ مَنِ اتَّخَذَ إِلَٰهَهُ هَوَاهُ أَفَأَنتَ تَكُونُ عَلَيْهِ وَكِيلًا ○
أَمْ تَحْسَبُ أَنَّ أَكْثَرَهُمْ يَسْمَعُونَ أَوْ يَعْقِلُونَ ۚ إِنْ هُمْ إِلَّا كَالْأَنْعَامِ ۖ
بَلْ هُمْ أَضَلُّ سَبِيلًا ○

શું તમે એ વ્યક્તિની સ્થિતિનો વિચાર કર્યો છે જેણે પોતાની મનેચ્છાઓને પોતાનો ખુદા બનાવી લીધો હોય? શું તમે આવી વ્યક્તિની જવાબદારી લઈ શકો છો ? શું તમે એમ સમજો છો કે તેમાંની ઘણી વ્યક્તિઓ સાંભળે કે સમજે છે ? ક્યારેય નહીં; એ (લોકો) તો પશું સમાન છે બલ્કે પશુઓ કરતાં પણ ખરાબ છે." (સૂરઃફુર્કાન, ૪૩-૪૪)

આ આયતો જણાવે છે કે જે વ્યક્તિ પોતાની ઈચ્છાઓ પ્રમાણે વર્તે છે તે વાસ્તવમાં પોતાની ઈચ્છાઓને પોતાનો ખુદા બનાવી લે છે. એ વાત તો સ્પષ્ટ છે કે પોતાની મનેચ્છાઓની ગુલામ બનનારી વ્યક્તિ માટે ખુદાના ગુલામ બનવું કે ખુદાના ગુલામ તરીકે ચાલુ રહેવું અશક્ય બની જાય છે. એવી વ્યક્તિ તો હંમેશાં એ જ જોશે કે મને ધન કેવી રીતે પ્રાપ્ત થાય છે, ઈજ્જત-આબરૂ મેળવવાનો માર્ગ ક્યો છે ? ક્યા કાર્યો એવા છે જેને કરવાથી એશ-આરામ મળશે. આ વસ્તુઓની માગ જે રીતે પણ સંતોષાતી દેખાશે તે તેને અનુસરશે, પછી ખુદાએ એ માર્ગને અનુસરવાની મનાઈ જ કેમ ન ફરમાવી હોય. એ જ રીતે જે કાર્યો કરવાથી તેની એ ઈચ્છા સંતોષાતી નહીં હોય તેમને ક્યારેય નહીં કરે, પછી ભલે ખુદાએ તે કાર્યોને કરવાની તાકીદ કેમ ન કરી હોય. એવી વ્યક્તિ વિષે આપણે એ સિવાય બીજું શું કહી શકીએ કે તેણે પોતાની કેટલીય ઈચ્છાઓને ખુદા બનાવી લીધી છે.

બાપ-દાદા, કુટુંબ કે રાષ્ટ્રની ગુલામીની સ્થિતિ પણ મનેચ્છાની ગુલામી

કરતાં જુદી નથી. આપને એવા કેટલાય લોકો મળશે જે અમુક માર્ગને માત્ર એટલા માટે અનુસરે છે કે તેમના બાપ-દાદા તેને અનુસરતા હતા. તેઓ પોતે ક્યારેય એ નથી વિચારતા કે ખોટું શું છે અને ખરૂં શું છે. તેમના માટે બસ એટલી જ વાત પૂરતી છે કે એમના બાપ-દાદા અમુક રીતે વર્તતા હતા. એવા લોકોની સામે જ્યારે અલ્લાહતઆલાનો કોઈ એવો હુકમ આવે જે તેમના બાપ-દાદાની પદ્ધતિઓથી વિરુદ્ધ હોય તો તેઓ એને છોડી દે છે અને કહે છે કે અમે તો એ જ કરીશું જે અમારા પૂર્વજો કરતા આવ્યા છે. આવી વ્યક્તિને ખુદાની ઉપાસક માનવાને કોઈ કારણ નથી; તે તો પોતાના બાપ-દાદા અને કુટુંબની ઉપાસક છે, નહીં કે ખુદાની. આવા લોકો વિષે અલ્લાહતઆલા ફરમાવે છે :

وَإِذَا قِيلَ لَهُمُ اتَّبِعُوا مَا أَنزَلَ اللَّهُ قَالُوا بَلْ نَتَّبِعُ مَا أَلْفَيْنَا عَلَيْهِ آبَاءَنَا ۗ
أَوَلَوْ كَانَ آبَاؤُهُمْ لَا يَعْقِلُونَ شَيْئًا وَلَا يَهْتَدُونَ ○

"અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે ખુદાએ જે 'દીન' મોકલ્યો છે તેનું અનુસરણ કરો તો તેઓ કહે છે કે અમે તો એ પદ્ધતિને અનુસરીશું જે અમને બાપ-દાદાથી (વારસામાં) મળી છે. શું તેઓ એમનું અનુસરણ કર્યે જ જશે, ભલે પછી તેઓ કાંઈ ન સમજતા હોય અને ન તેમના ભાગ્યમાં (ભૂતકાળમાં) સન્માર્ગ આવ્યો હોય." (સૂરઃબકરહ-૧૭૦)

وَإِذَا قِيلَ لَهُمْ تَعَالَوْا إِلَىٰ مَا أَنزَلَ اللَّهُ وَإِلَى الرَّسُولِ قَالُوا حَسْبُنَا
مَا وَجَدْنَا عَلَيْهِ آبَاءَنَا ۚ أَوَلَوْ كَانَ آبَاؤُهُمْ لَا يَعْلَمُونَ شَيْئًا وَلَا
يَهْتَدُونَ ○

"અને જ્યારે તેમને કહેવામાં આવ્યું કે એ માર્ગદર્શન તરફ આવો જે ખુદાએ મોકલ્યું છે અને રસૂલ સ.અ.વ.(ની પદ્ધતિ) તરફ, તો તેમણે કહ્યું કે અમારા માટે તો માત્ર એ માર્ગ બસ છે જેના પર અમે પોતાના બાપ-દાદાને જોયા છે. શું તેઓ બાપ-દાદાનું જ અનુસરણ કર્યે જશે, ભલે તેમને કોઈ વાતનું જ્ઞાન ન હોય, અને ન જ તેઓ સન્માર્ગ પર ચાલ્યા હોય ?" (સૂરઃમાઇદહ-૧૦૪)

બાપ-દાદાનું આ આંધળું અનુકરણ એક એવી પથભ્રષ્ટતા (ગુમરાહી) છે

જેમાં લગભગ દરેક યુગના લોકો સપડાયેલા રહ્યા છે અને આ જ તે વસ્તુ છે જેણે મનુષ્યને ખુદાના માર્ગદર્શનથી વંચિત રાખવામાં મુખ્ય ભાગ ભજવ્યો છે. કુઅનિપાકમાં પાછલા નબીઓનું જે વર્ણન છે તેમાં એ બતાવવામાં આવ્યું છે કે લગભગ દરેક નબીની કોમે પોતાના નબીની દા'વતને જૂઠી ઠરાવવા એ જ વાત કહી કે અમે તમારી વાત કઈ રીતે માની લઈએ, તમે જે કાંઈ કહો છો તે તો એનાથી બિલકુલ જુદું છે જે અમારા બાપ-દાદાના સમયથી થતું આવ્યું છે. એવા લોકોને સ્વભાવિક રીતે જવાબમાં હંમેશા એક જ વાત કહેવામાં આવી અને તે એ કે જુઓ ! બંદગી અને ગુલામી તો એકની જ હોઈ શકે છે. કાં તો ખુદાની બંદગી કરો કાં તો પોતાના બાપ-દાદાની જ બંદગી (ઉપાસના) કરતા રહો. એક સાથે બન્નેની બંદગી થઈ શકતી નથી. હવે વિચારી લો કે બંદગીનો હક્કદાર કોણ છે ? ખુદા કે તમારા બાપ-દાદા; જેઓ પોતે પણ એ જ રીતે ખુદાના પેદા કરેલાં છે જે રીતે તમે છો. તમે જો સન્માર્ગને અનુસરવા અને ખુદાની બંદગી કરવા ઈચ્છતા હોવ તો બધી વાતોને છોડી એ માર્ગદર્શનનો સ્વીકાર કરો જે ખુદાના રસૂલ ખુદાની તરફથી લઈને આવ્યા છે.

ધાર્મિક માર્ગદર્શકો અને નેતાઓની ગુલામી સન્માર્ગ (રાહે હક્ક)ના અનુસરણમાં ત્રીજી મોટી અડચણ છે. કેટલાક લોકો એ રીતે વિચારે છે કે ફલાણી વ્યક્તિ મહાન વ્યક્તિ છે, તેની વાત સાચી હશે, ફલાણી વ્યક્તિ ઘણી ધનવાન અને માન-મરતબાવાળી છે તેની વાત જરૂર માનવી જોઈએ, નહીંતર દુનિયાનું કામ બંધ થઈ જશે. ફલાણો માણસ સત્તાધારી અને શક્તિશાળી છે, તેની વાત જો સ્વીકારવામાં નહીં આવે તો મારી ખેર નથી. ફલાણી વ્યક્તિ ઘણી પહોંચેલી છે, તેની વાત જો નહીં માનવામાં આવે તો તેઓ મને શ્રાપ આપશે અને હું બરબાદ થઈ જઈશ. ફલાણી પ્રજા ખૂબ પ્રગતિ કરી રહી છે. તેની પદ્ધતિને અનુસરવું જોઈએ, નહીં તો આપણે પાછળ રહી જઈશું. જ્યારે કોઈ વ્યક્તિ આ રીતે વિચારવા લાગે છે તો તેના પર માર્ગદર્શનના દ્વાર બંધ થઈ જાય છે અને પછી તે ક્યારેય પણ ખુદાની બંદગી તરફ આવી શકતી નથી. જેમ કે અલ્લાહતઆલાનો ઈર્શાદ છે :

وَإِن تُطِعْ أَكْثَرَ مَن فِي الْأَرْضِ يُضِلُّوكَ عَن سَبِيلِ اللَّهِ

"પૃથ્વીવાસીઓ પૈકી ઘણાં લોકો એવા છે કે જો તમે તેમની વાત માનશો તો તેઓ તમને પથભ્રષ્ટ (ગુમરાહ) કરી દેશે." (સૂરઃઅન્આમ-૧૧૬)

આ ત્રણેય બાબતો જેનું સ્પષ્ટિકરણ આ અગાઉ કરવામાં આવ્યું છે, જ્યાં સુધી અસ્તિત્વ ધરાવતી હોય, ત્યાં સુધી મનુષ્ય સન્માર્ગને પામી શકતો નથી. તેથી સન્માર્ગ પામવા અને તેના પર મજબૂતીથી વળગી રહેવા માટે એ જરૂરી છે કે મનુષ્યનું હૃદય આ ત્રણેય રોગોથી મુક્ત હોય. સીધો માર્ગ તો માત્ર એક જ છે અને તે એ કે વ્યક્તિ ખુદા સિવાય કોઈનો બંદો, અને રસૂલ સિવાય કોઈનું અનુસરણ કરનાર ન હોય; તે એ વાત પર સાચા દિલથી શ્રદ્ધા રાખતો હોય કે ખુદા અને તેના રસૂલે જે કાંઈ બતાવ્યું છે તે જ સત્ય છે, અને તેના સિવાય જે કાંઈ છે તે અસત્ય છે. તેને જો ઈજ્જત અને સફળતા મળી શકતી હોય તો માત્ર ખુદા અને તેના રસૂલની આજ્ઞાનું પાલન કરવાથી જ મળી શકે છે. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં જો તે એ સિવાયના માર્ગ પર ચાલશે તો તે તેના માટે દુનિયામાં ખરાબી અને આખિરત (પરલોક)માં વિનાશનું કારણ બની જશે. તેને જ્યારે એ માલૂમ થઈ જાય કે અમુક બાબતમાં ખુદાની આજ્ઞા આ છે તો પછી એની સામે તરત પોતાનું માથું ઝુકાવી દે (એનો સ્વીકાર કરી લે.) તેની વિરુદ્ધ આચરણ કરવાનો વિચાર પણ ન કરે, ભલે પછી દુનિયાને તે માઠું લાગતું હોય. આપણા અને પારકા ભલે જે કાંઈ કહે, વડીલો કેટલાય ગુસ્સે થાય, એ બધાંને તે એટલું જ કહેશે કે હું માત્ર ખુદાનો બંદો છું, પોતાની ઈચ્છાઓનો, કુટુંબનો, કોઈ નેતાનો, માર્ગદર્શક, અથવા કોઈ શાસક કે બાદશાહનો બંદો નથી. સન્માર્ગ અને કુમાર્ગ, સાચી બંદગી અને ખોટી બંદગીના તફાવત અને તેના અર્થને સમજવા કુર્આને હકીમની આ આયતો ધ્યાનપૂર્વક વાંચો:

لَقَدْ أَنزَلْنَا آيَاتٍ مُّبَيِّنَاتٍ ۚ وَاللَّهُ يَهْدِي مَن يَشَاءُ إِلَىٰ صِرَاطٍ مُّسْتَقِيمٍ ○
وَيَقُولُونَ آمَنَّا بِاللَّهِ وَبِالرَّسُولِ وَأَطَعْنَا ثُمَّ يَتَوَلَّىٰ فَرِيقٌ مِّنْهُم مِّن
بَعْدِ ذَٰلِكَ ۚ وَمَا أُولَٰئِكَ بِالْمُؤْمِنِينَ ○
وَإِذَا دُعُوا إِلَى اللَّهِ وَرَسُولِهِ لِيَحْكُمَ بَيْنَهُمْ إِذَا فَرِيقٌ مِّنْهُم مُّعْرِضُونَ
وَإِن يَكُن لَّهُمُ الْحَقُّ يَأْتُوا إِلَيْهِ مُذْعِنِينَ ○
أَفِي قُلُوبِهِم مَّرَضٌ أَمِ ارْتَابُوا أَمْ يَخَافُونَ أَن يَحِيفَ اللَّهُ عَلَيْهِمْ وَرَسُولُهُ ۚ بَلْ
أُولَٰئِكَ هُمُ الظَّالِمُونَ ○

إِنَّمَا كَانَ قَوْلَ ٱلْمُؤْمِنِينَ إِذَا دُعُوٓا۟ إِلَى ٱللَّهِ وَرَسُولِهِۦ لِيَحْكُمَ بَيْنَهُمْ أَن يَقُولُوا۟
سَمِعْنَا وَأَطَعْنَا ۚ وَأُو۟لَٰٓئِكَ هُمُ ٱلْمُفْلِحُونَ ○
وَمَن يُطِعِ ٱللَّهَ وَرَسُولَهُۥ وَيَخْشَ ٱللَّهَ وَيَتَّقْهِ فَأُو۟لَٰٓئِكَ هُمُ
ٱلْفَآئِزُونَ ○

"અમે (સત્ય અને અસત્ય) સ્પષ્ટ કરનારી આયતો મોકલી દીધી છે, અલ્લાહ જેને ઇચ્છે છે તેને આ આયતો દ્વારા સન્માર્ગ દેખાડે છે. લોકો કહે છે કે અમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવ્યા છીએ અને તેનું આજ્ઞાપાલન સ્વીકાર્યું છે. આ પછી તેમાંના કેટલાક લોકો અલ્લાહના આજ્ઞાપાલનથી વિમુખ થઈ જાય છે. આવા લોકો મોમિન નથી. તેમને જ્યારે અલ્લાહ અને તેના રસૂલની તરફ બોલાવવામાં આવે છે કે જેથી તે તેમની વચ્ચે ન્યાય કરે, તો તેમાંના કેટલાક વિમુખ થઇ જાય છે. અલબત્ત જ્યારે તેમના કામની વાત હોય છે ત્યારે આજ્ઞાપાલનની સંપૂર્ણ ભાવના સાથે તેની તરફ દોડે છે. શું આ લોકો રોગી-હૃદયના છે ? કે પછી તેઓ શંકામાં પડેલાં છે ? કે પછી તેમને એ બીક છે કે અલ્લાહ અને તેનો રસૂલ તેમના સાથે જુલ્મ કરશે? ના, આ લોકો પોતાના પર જ જુલ્મ કરે છે. વાસ્તવમાં જેઓ મુસ્લિમ છે તેમની પદ્ધતિ તો એ છે કે જ્યારે તેમને અલ્લાહ અને તેના રસૂલની તરફ બોલાવવામાં આવે કે જેથી તે તેમને વચ્ચે ફેંસલો કરે તો તેઓ કહે કે અમે આ વાત સાંભળી અને તેનો સ્વીકાર કર્યો. આવા જ લોકો સફળ થનાર છે, અને જે લોકો અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરશે અને અલ્લાહથી ડરતાં રહેશે અને તેની આજ્ઞાના ઉલ્લંઘનથી પણ બચતા રહેશે માત્ર તે લોકો જ સફળ થશે." (સૂરઃનૂર, આયતો ૪૬ થી ૫૨)

આ છે મોમિનનું સાચું ચિત્ર; તેનાથી આપણને એ જાણવા મળ્યુ કે મુસલમાન તે છે જે પોતાને ખુદાના ગ્રંથ અને તેના રસૂલના આજ્ઞાપાલનને સુપ્રત કરી દે, ત્યાંથી જે આજ્ઞા મળે તેનો સ્વીકાર કરે, તે આજ્ઞા વિરુદ્ધ ન પોતાના દિલની વાત સાંભળે, ન કુટુંબીજનોની, કે ન દુનિયાવાળાઓની. જે વ્યક્તિ આ રંગમાં રંગાઈ જાય તે મુસ્લિમ અને મોમિન છે.

—●—

મુસલમાનની જવાબદારી

ઈસ્લામ શું છે અને મુસલમાન કોને કહે છે એ વાત તો આપણે જાણી ચૂક્યા છીએ. મુસલમાન હોવાના વ્યવહારિક તકાદાઓ શું છે એની સમજૂતી પણ હવે મેળવી લઈએ. કલ્મએ લાઈલાહા ઈલ્લલ્લાહ પર આસ્થા (અકીદો) રાખનાર મનુષ્યની જવાબદારીઓ શું હોય છે ? અલ્લાહનું સંપૂર્ણ આજ્ઞાપાલન અને તેની બંદગીની પ્રતિજ્ઞા કરનારાઓનું જીવન કેવું હોવું જોઈએ વગેરે બાબતો વિષે પાછલા પ્રકરણોમાં એટલી તો માહિતી મળી રહે છે કે મુસલમાને અલ્લાહ અને તેના રસૂલના આદેશોનું સંપૂર્ણપણે પાલન કરવું જોઈએ. એટલે કે તેનું જીવન અનિવાર્ય રીતે કુર્આન અને સુન્નતના બીબામાં ઢળેલું હોવું જોઈએ. આ સવાલનો બાકી જવાબ એ છે કે મુસલમાનની જવાબદારી પોતાના જીવનને અલ્લાહના આદેશોમાં ઢાળી લેવા કરતાં પણ કંઈક વધુ છે. આ જવાબદારી પૂરી કર્યા સિવાય તે પોતાના મુસલમાન હોવાના તકાદાઓ પૂરા કરી શકતો નથી અને એવી સ્થિતિમાં તેની દુનિયા અને આખિરત (પરલોક) બન્ને ભયમાં મુકાશે. આ જવાબદારી શું છે તે જાણવા અલ્લાહતઆલાનો ઈર્શાદ સાંભળો :

وَكَذَٰلِكَ جَعَلْنَٰكُمْ أُمَّةً وَسَطًا لِّتَكُونُوا۟ شُهَدَآءَ عَلَى ٱلنَّاسِ
وَيَكُونَ ٱلرَّسُولُ عَلَيْكُمْ شَهِيدًا ۗ

"અને એ જ રીતે અમે તમને શ્રેષ્ઠ ઉમ્મત ઠેરવી છે કે જેથી તમે દુનિયાના લોકો પર સાક્ષી રહો અને રસૂલ તમારા પર સાક્ષી રહે." (સૂરઃબકરહ-૧૪૩)

આ આયતથી એ વાત જાણવા મળી કે મુસલમાનો દુનિયાની બીજી કોમો અને સમૂદાયોથી બિલકુલ અલગ પ્રકારનો સમૂદાય છે. અલ્લાહતઆલાએ તેમને એક એવી 'જમાઅત' (ઉમ્મત) બનાવી છે જેના અસ્તિત્વનો હેતુ બીજા તમામ માનવોની સામે અલ્લાહના દીનની સાક્ષી આપવી છે, અને એ સાક્ષી પણ ઠીક એ

જ પ્રકારે આપવાની છે જે પ્રકારે અલ્લાહના રસૂલ સ.અ.વ. એ સ્વયં તેમની સામે આપી હતી, એટલે કે એવી સાક્ષી, જેના પરિણામ સ્વરૂપે અલ્લાહ દ્વારા મોકલેલ 'દીન' સારી રીતે નજર સમક્ષ આવી જાય અને પછી કાલે કયામતના દિવસે ખુદાની અદાલતમાં લોકો આ બહાનું રજૂ ન કરી શકે કે અમને તો આ દીનની જાણ જ ન હતી, અમારી સમક્ષ તો તેને કદાપિ ખોલીને મૂકવામાં આવ્યું ન હતું. આથી અમે તેનું અનુસરણ કરતા તો કઈ રીતે !

અલ્લાહે આ જે જવાબદારી આ ઉમ્મત પર નાખી છે, તે ઘણી જ મહાન અને મુખ્ય જવાબદારી છે. આની અગત્યતા સમજવા નબીઓ અ.સ.ના આગમનને અને તેમના દ્વારા અલ્લાહનું માર્ગદર્શન મોકલવાની બાબત ઉપર વિસ્તારપૂર્વક દષ્ટિપાત કરો. બધા જ આકાશીય ગ્રંથો એ વાતને સ્પષ્ટ કરતા રહ્યા છે કે દુનિયામાં જેટલા પણ મનુષ્યો જન્મ્યાં છે કે ક્યામત સુધી જન્મશે, તે સર્વ હશ્રના મેદાનમાં અલ્લાહતઆલા સમક્ષ હાજર થશે અને તેમને એ પૂછવામાં આવશે કે તેઓ દુનિયામાં શું કરીને આવ્યા છે ? એ સમય એ લોકો માટે ઘણો ખરાબ અને ચિંતાજનક હશે જેમને એ સમયના આવવા અને એ સવાલનો સામનો થવાની કાંઈ પડી જ ન હોય અને તેમણે પોતાનું સમગ્ર જીવન અલ્લાહની મરજી વિરુદ્ધ વિતાવ્યું હોય. આ જ તે ખરાબ સમય અને ખરાબ પરિણામ છે જેનાથી સાવચેત કરવા અલ્લાહતઆલા પ્રથમ દિવસથી જ પોતાના પયગમ્બરો અને પોતાના પુસ્તકો મોકલતો રહ્યો છે. અલ્લાહે આદમ અ.સ.ને પોતાના સૌ પ્રથમ પયગમ્બર બનાવ્યા અને તેમને સારી રીતે બતાવી દીધું કે ખુદા કઈ વસ્તુને પસંદ કરે છે અને કઇ વસ્તુને નાપસંદ કરે છે. ત્યાર બાદ તે નિયમિત રીતે પોતાના પયગમ્બર મોકલતો રહ્યો, જે અલ્લાહના બંદાઓને અલ્લાહની ઇચ્છાની જાણ કરતા, અને એમને બતાવતા રહ્યા કે સૃષ્ટાની ઇચ્છા શું છે ? અને જીવનની યોગ્ય પદ્ધતિ કઈ છે જે તેને પસંદ છે ? તેમણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઇએ ? આખિરત (પરલોક)માં તેમને મુક્તિ અને ખુદાની પ્રસન્નતા કેવી રીતે મળશે ? આમ, પયગમ્બરોની જવાબદારી જો એ હતી કે તેઓ મનુષ્યોને સારી રીતે એ બતાવી દે કે ખુદાની ઇચ્છા શું છે અને શું નથી, તો સામાન્ય લોકોની જવાબદારી એ હતી કે તેઓ અલ્લાહના પયગમ્બરો પર ઈમાન લાવી તેમના બતાવેલા માર્ગને અનુસરે. તેથી કુર્આનમાં કહેવામાં આવ્યું છે કે ક્યામતના દિવસે પોત-પોતાની જવાબદારીઓ

વિષે બન્નેને પૂછવામાં આવશે. પયગમ્બરોને પૂછવામાં આવશે કે તેમણે પોતાની ફરજ કેવી રીતે બજાવી અને લોકો સુધી તેમના માલિકના આદેશો સંપૂર્ણપણે અને યોગ્ય રીતે પહોંચાડયા હતા કે નહીં, અને બીજા લોકોથી પૂછવામાં આવશે કે તમે અમારા આ પયગમ્બરોની 'દા'વત' (આમંત્રણ, નિમંત્રણ)ના ઉત્તરમાં શું વલણ અપનાવ્યું હતું.

فَلَنَسْـَٔلَنَّ ٱلَّذِينَ أُرْسِلَ إِلَيْهِمْ وَلَنَسْـَٔلَنَّ ٱلْمُرْسَلِينَ ۝

"જે લોકો પાસે રસૂલો મોકલવામાં આવ્યા તેમને અમે જરૂર પૂછીશું (કે તેમણે એમના આદેશનો સ્વીકાર કર્યો કે નહીં) અને અમે રસૂલોને પણ પૂછીશું (કે તેમણે ક્યાં સુધી સંદેશ પહોંચાડયો)." (સૂર:આ'રાફ-૬)

આ જ કારણ છે કે પયગમ્બરો અ.સ. એ પોતાની જવાબદારી તીવ્રપણે અનુભવી અને લોકો સુધી સત્ય પહોંચાડવા માટે પોતાનાથી બનતા પ્રયાસો કર્યા. સૌથી છેલ્લે આ જ જવાબદારી હઝરત મુહમ્મદ સ.અ.વ.ને સોંપવામાં આવી અને આપ સ.અ.વ.એ તેને નિભાવીને પોતાના કર્તવ્યનું સંપૂર્ણપણે પાલન કર્યું. માટે જ આપ સ.અ.વ. એ અંતિમ હજ્જના પ્રસંગે અરફાતના મેદાનમાં લોકોને આ પ્રશ્ન પૂછ્યો હતો કે, "બતાવો, મેં તમારા સુધી સત્ય પહોંચાડી દીધું છે કે નહીં?" અને જ્યારે લોકોએ એક સાદે એ વાતનો એકરાર કર્યો કે સાચે જ આપે અલ્લાહનો દીન અમારા સુધી પહોંચાડી દીધો છે, તો આપ સ.અ.વ.એ આકાશ તરફ મુખ કરીને કહ્યું, "હે અલ્લાહ, તુ સાક્ષી રહેજે, મેં તારો દીન તારા બંદાઓ સુધી મૂળ સ્વરૂપમાં પહોંચાડી દીધો છે." પછી આ જ પ્રસંગે આપ સ.અ.વ.એ લોકોને એ તાકીદ પણ કરી કે જુઓ, મેં તમને જે કાંઈ પહોંચાડ્યું છે તેને તમે બીજાઓ સુધી પહોંચાડી દેજો.

આ છે સત્યની સાક્ષીની એ નાજુક જવાબદારી જે સમગ્ર ઉમ્મતે મુસ્લિમાએ બજાવવાની છે અને ક્યામત સુધી બજાવવાની છે. માટે આ જીવનમાં મુસલમાનનું મૂળ કાર્ય માત્ર એટલું છે કે ખુદાનો જે દીન અને નબી સ.અ.વ.નું જે માર્ગદર્શન તેના સુધી પહોંચ્યું છે તેને તે કાઈ પણ પ્રકારની વધઘટ વિના બીજાઓ સુધી પહોંચાડતો રહે, ઠીક એ જ રીતે જે રીતે ખુદાના રસૂલ સ.અ.વ.એ તેના સુધી પહોંચાડ્યો હતો. અલ્લાહના દીનની સાક્ષી આંપવાનો અર્થ આ જ થાય છે.

સત્યની સાક્ષીની આ ફરજ બજાવવા માટે બે બાબતોનું હોવું જરૂરી છે :

એક તો એ કે આપણે પોતાની વાણી (અને લેખની) દ્વારા દુનિયા પર એ સત્યને સ્પષ્ટ કરી દઈએ જે ખુદાના ગ્રંથ અને રસૂલુલ્લાહ સ.અ.વ.ની સુન્નત દ્વારા આપણા સુધી પહોંચ્યું છે. આ કાર્ય માટે તે તમામ પદ્ધતિઓ અપનાવવી પડશે જે દુનિયામાં આ સમયે પોતાની વાત પહોંચાડવા માટે પ્રચલિત છે અને જેનો ઉપયોગ આપણા માટે 'જાઈઝ' અને યોગ્ય હોય. એટલે સુધી કે દીનનું સમગ્ર શિક્ષણ સ્પષ્ટ થઈને લોકો સમક્ષ આવી જાય અને તેઓ એ સમજી જાય કે અલ્લાહનો આ દીન જ સત્ય છે, તે જ તેમના જીવનની સમગ્ર બાબતોમાં માર્ગદર્શન આપી શકે છે અને તેના પર ચાલીને જ તેઓ આખિરતમાં અલ્લાહની પ્રસન્નતા મેળવી શકે છે.

બીજું કાર્ય છે પોતાના આચરણની સાક્ષી. એનો અર્થ આ છે કે આપણે આપણા જીવનમાં એ શિક્ષણને આચરીને બતાવીએ જેને આપણે સત્ય કહીએ છીએ. આપણું વર્તન, આપણી નીતિમત્તા, આપણો વ્યવહાર, આપણી લેવડ-દેવડ, ટૂંકમાં આપણા જીવનનું પ્રત્યેક ક્ષેત્ર અલ્લાહના દીનનો વ્યવહારિક નમૂનો બની જાય જેથી દુનિયા ઇસ્લામને માત્ર વકતવ્યો અને લખાણો દ્વારા જ નહીં બલ્કે આપણા વર્તન દ્વારા પણ સમજે. તે પોતાની આંખોથી જ જોઈ લે કે આ દીનનો સ્વીકાર કરવાથી કેવા સારા માનવો બને છે, કેવો પવિત્ર સમાજ અસ્તિત્વમાં આવે છે, કેટલી સુઘડ અને સદાચારી સંસ્કૃતિ વિકસે છે, જ્ઞાન, કળા અને સાહિત્ય તથા આર્ટનો કેટલો રચનાત્મક અને માનવતાને લાભકારી વિકાસ થાય છે, ન્યાય અને પ્રેમનું કેવું સુંદર વાતાવરણ જન્મે છે, પુણ્ય અને નીતિમત્તા કેવી રીતે વિકસે છે, અને બૂરાઈ કેવી રીતે પોતાનું મોઢું સંતાડીને ફરે છે ! આવી સ્થિતિનું પેદા થવું અને દુનિયાની દૃષ્ટિ સમક્ષ આવી જવું, ઈસ્લામના સત્યની એક જબરજસ્ત સાક્ષી હશે જેનો ઇન્કાર સહેલાઈથી કરી શકાશે નહીં.

વાણી અને લેખનીની સાક્ષીની સાથે જ્યારે વર્તનની આ સાક્ષી પણ પૂરી થઈ જાય ત્યારે એ મહાન જવાબદારી પૂર્ણ થશે જે ઉમ્મતે મુસ્લિમાને સોંપવામાં આવી છે અને તે પોતાની ફરજ બજાવવાની જવાબદારીથી મુક્ત થઈ શકશે. આ પછી પણ જે લોકો સત્યનો સ્વીકાર નહીં કરે અને અસત્યને વળગી રહેશે તો તેઓ પોતાના આ વર્તન માટે પોતે જ જવાબદાર રહેશે, ઉમ્મતે મુસ્લિમા ઉપર આ

સંબંધે કોઈ પણ પ્રકારની જવાબદારી નહીં રહે, અને આખિરતમાં તે ખુદા સમક્ષ એ સાક્ષી આપી શકશે કે અમે જે કંઈ પહોંચાડી શકતા હતા તે અમે એ લોકો સુધી પહોંચાડી દીધું હતું. હવે જો તેમણે એ વાતનો સ્વીકાર ન કર્યો તો વાંક તેમનો છે, અમારો નથી. પરંતુ જો આ ઉમ્મત પોતાની આ જવાબદારી પૂરી કરવામાં કસુર કરશે તો પછી ન્યાયનો તકાદો એ છે કે પથભ્રષ્ટ માણસોની પથભ્રષ્ટતાની જવાબદારીમાં તેને પણ સામેલ કરવામાં આવે અને કાલે જ્યારે આ લોકો ખુદાની અદાલતમાં એ બહાનુ રજૂ કરશે કે અમે તો કંઈ જાણી જ ન શક્યા કે અલ્લાહનો દીન શું હતો; તો તે વખતે તેને અલ્લાહતઆલા દ્વારા કરવામાં આવતી પૂછપરછનો સામનો કરવો પડશે, જેણે તેને દુનિયામાં પોતાના દીનનો 'અમીન' (અમાનતદાર) અને તેના પ્રચાર અને પ્રસારનો જવાબદાર બનાવ્યો હતો. વિચારો, જો ઉમ્મત આ કર્તવ્ય પાલનમાં કસૂરવાર થઈ જાય તો તેના પરિણામ શું આવશે?

પરંતુ અહીં 'જો' નો પણ કોઈ પ્રશ્ન નથી. અત્યારે તો ઉમ્મતની આ ગફલત અને અસાવધાની એક હકીકત સ્વરૂપમાં સૌની સામે મોજૂદ છે. સત્યની સાક્ષીના કર્તવ્યનું ભાન રાખનાર હૃદય એ જોઈને ધ્રૂજી ઊઠે છે કે જે ઉમ્મતને અલ્લાહના દીનની સાક્ષી વાણી અને વર્તન દ્વારા આપવા પોતાને હોમી દેવું જોઈતું હતું તે તેની વિરુદ્ધ સાક્ષી આપી રહી છે, તેની બહુમતી જીવનક્ષેત્રમાં એ જ માર્ગ પર ચાલી રહી છે જેના પર બીજી જાતિઓ ચાલે છે. સામાન્ય રીતે આપણી બહુમતીની સ્થિતિ તો એ છે કે આપણું વર્તન તો ઠીક પણ આપણી વાણી પણ ઈસ્લામની સાચી અને સંપૂર્ણ સાક્ષી આપવામાં નિષ્ફળ પૂરવાર થઈ છે. એ વાત નિઃશંક છે કે ઉમ્મતમાં સારા અને ધાર્મિક લોકોની સંપૂર્ણપણે અછત પણ નથી. પરંતુ પ્રશ્ન કેટલાક ટકા લોકોનો નહીં પણ સમગ્ર ઉમ્મતનો છે, અને સામૂહિક રીતે ઉમ્મતની જે સ્થિતિ છે તે બધા સારી રીતે જાણે છે. આચરણ અને વ્યવહારમાં આપણી હાલત બીજાઓથી કાંઈ ઓછી બૂરી નથી. આપણી આસ્થાઓ નિષ્પ્રાણ થઈને અજ્ઞાનતાને ભેટ ચડી ગઈ છે. દીનનું પાલન જો છે તો પણ કેટલીક વિધિઓ સુધી જ સીમિત છે. આમ તો આપણે મુસલમાન છીએ પણ એવા મુસલમાન કે જે જૂઠ બોલી શકે છે, ચોરી કરી શકે છે, અને અત્યાચાર ગુજારી શકે છે. આ મુસલમાનો દગો કરી શકે છે, કોલ-કરાર કરીને ફરી શકે છે, રમખાણ કરી શકે છે અને નફફટાઈ અને બેશરમીના તમામ કાર્યો કરી શકે છે, તેમની રહેણી-કરણી, રીત-

રિવાજો, તહેવારો અને ઉર્સો, મેળાવડા અને સરઘસોમાં તે દરેક મુર્ખાઈ જોઈ શકાય છે જેને ઇસ્લામ અને મુસલમાનોને માથે કલંક-બિંદુ કહેવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. ટૂંકમાં વ્યક્તિગત અને સામૂહિક જીવનના દરેક ક્ષેત્રને તેમણે બગાડી મૂક્યું છે. વિચારો, કેટલી ભયાનક છે આ સ્થિતિ ઘરો, મહોલ્લાઓ, દુકાનો અને બજારોથી લઈને રાજકારણના મેદાનો અને સરકારના મહેલો સુધી, અને મદ્રસાઓ અને ખાનકાહો (મઠો)થી લઈને ઇબાદતગાહો સુધી ક્યાંય પણ ઇસ્લામનું વાસ્તવિક ચિત્ર દેખાતું નથી. જે દેશોમાં મુસલમાનો લઘુમતિમાં છે અને સત્તાનો દોર બીજા લોકોના હાથમાં છે ન્યાયની વાત જવા દો, જ્યાં મુસલમાનોની પોતાની હકૂમતો સ્થાપાયેલી છે ત્યાં પણ તેમણે ઇસ્લામી કાનૂનનો ત્યાગ કરી બિન-ઇસ્લામી કાનૂનો સ્વીકારી લીધા છે. આ પરિસ્થિતિને જોતાં એ સિવાય બીજું શું કહી શકાય કે મુસલમાનોએ દુનિયા સમક્ષ અલ્લાહનો દીન રજૂ કરવાને બદલે તેને છુપાવ્યો છે અને દુનિયા જો ખુદાઈ માર્ગદર્શનના પ્રકાશથી વંચિત છે તો તેની જવાબદારીમાં ખુદ તેમનો પોતાનો પણ હિસ્સો છે.

'દીને-હક્ક' (સત્ય ધર્મ)ની સાક્ષી આપવાની બાબતમાં આપણે મુસલમાનોએ 'ગફલત' અને નાલાયકીનો જે માર્ગ અપનાવ્યો છે તેની સ્થિતિ ઠીક એવી છે જેવી કે એ પોલીસવાળાની હોય છે જે લોકોના જાન-માલનું રક્ષણ કરવાને બદલે પોતે ચોરી, ખૂન અને લૂંટ-ફાંટ કરવામાં લાગી જાય. જ્યારે આપણી પરિસ્થિતિ આ છે તો ન્યાયનો તકાદો એ છે કે અલ્લાહનો આપણી સાથેનો વ્યવહાર પણ તે અનુસાર જ હોય, અને આમ જ બની રહ્યું છે. આપણા આ મહાન અપરાધની સજા પણ આકરી જ નિશ્ચિત કરવામાં આવી છે. આ સજાનો એક ભાગ તો આપણે આ દુનિયાની અંદર જ અપમાન અને પરાધીનતાના રૂપમાં ભોગવી રહ્યાં છીએ. જ્યારે સજાનો બીજો ભાગ એ હશે જે આપણે આખિરત (પરલોક)માં ભોગવીશું. અને એ સ્પષ્ટ છે કે સાચો ન્યાય તો ત્યાં જ થશે અને ત્યાંની પૂછ-પરછ ખરેખર ખૂબ જ મુશ્કેલ હશે.

આ સજા અને પૂછ-પરછથી બચવાનો ઉપાય ફકત એક છે; અને તે એ કે આપણને આપણી ભૂલનું ભાન થઈ જાય અને આપણે એ સજાથી બચવાની ચિંતા કરવા લાગીએ. ઘણા સમયથી આપણે આપણી જવાબદારી ભૂલી ચૂક્યા છીએ, પોતાના અસ્તિત્વના હેતુથી ગાફેલ થઈ ચૂક્યાં છીએ અને તેનું પરિણામ ભોગવી

રહ્યા છીએ. અને જ્યાં સુધી આ જવાબદારીની ફરજ બજાવવા આપણે તૈયાર નહીં થઈએ ત્યાં સુધી આપણું ભવિષ્ય અંધકારપૂર્ણ જ રહેશે. જો તેને પ્રકાશિત બનાવવું હોય તો એ જરૂરી છે કે આપણે આપણા ધર્મની તરફ પાછા ફરીએ; તેની સાથે એક દ્વિતિયાંશ કે એક તૃતિયાંશ સંબંધ રાખવાને બદલે તેનાથી પૂર્ણ સંબંધ રાખીએ અને તેને સાચા અર્થોમાં પોતાનો દીન બનાવીએ; આપણા જીવનના દરેક ક્ષેત્રમાં તેના આદેશોને આધીન બનાવીએ. પોતાના ઘરોમાં, પોતાના કુટુંબમાં, પોતાના સમાજમાં, પોતાના મદ્રસાઓમાં, પોતાના સાહિત્ય અને પત્રકારત્વમાં, પોતાના વેપાર અને આર્થિક વ્યવહારમાં, આપણા સંગઠનો અને રાષ્ટ્રીય સંસ્થાઓમાં, અને જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં પોતાની હકૂમતોમાં પણ તેની હિદાયતો (પથદર્શન)ને પણ લાગુ કરીએ, અને પોતાના વાણી-વર્તન દ્વારા દુનિયા સમક્ષ તેની સાચી સાક્ષી આપીએ, અને એ વાત તીવ્રપણે અનુભવીએ કે સાક્ષીના આ કર્તવ્યનો ત્યાગ કર્યા પછી આપણા અસ્તિત્વનો કોઈ ઉપયોગ રહેતો નથી; અને આપણું અસ્તિત્વ નિરર્થક બની જાય છે. કર્તવ્યના એહસાસનો તકાદો એ છે કે આપણે આપણી સમગ્ર દિલચસ્પીઓ, પ્રયાસો અને ચિંતનનું કેન્દ્ર સત્યની સાક્ષીના આ કાર્યને જ બનાવીએ, કેમકે આપણા અસ્તિત્વનો તો મૂળ હેતુ જ આ છે. ત્યારબાદ આપણે એ દરેક કાર્યથી અલગ થઈ જવું જોઈએ જે આ હેતુની વિરુદ્ધ હોય અને જેને કરવાથી દુનિયા સમક્ષ ઈસ્લામની ખોટી રજૂઆત અને ખોટું પ્રતિનિધિત્વ થતું હોય.

—●—

દીનની સ્થાપના (ઈકામતે દીન)

એ વાત તો આપ જાણો જ છો કે અલ્લાહ તરફથી જેટલા પણ પયગમ્બરો આવ્યાં તે સૌએ અલ્લાહના બંદાઓને એક અલ્લાહની બંદગીની દા'વત આપીને તમામ પ્રકારની ગુલામીમાંથી મુક્તિ અપાવી.

أَن لَّا تَعْبُدُوٓا۟ إِلَّا ٱللَّهَ

"(પયગમ્બરોએ કહ્યું) માત્ર અલ્લાહની બંદગી કરો, તેના સિવાય કોઈની બંદગી ન કરો." (સૂરઃહૂદ-૨૬)

તે સૌએ કહ્યું કે ફકત અલ્લાહ જ શાસક છે, તેના સિવાય બીજા કોઈને આદેશ આપવાનો અધિકાર નથી, તે જ માનવ સહિત સમગ્ર સૃષ્ટિનો પેદા કરનાર છે અને તેથી જ તે સૌનો સ્વામી અને શાસક પણ છે :

لِّلَّهِ مَا فِى ٱلسَّمَٰوَٰتِ وَمَا فِى ٱلْأَرْضِ

"આકાશો અને ધરતીમાં જે કંઈ છે બધું અલ્લાહનું છે."

(સૂરઃબકરહ-૨૮૪)

أَلَا لَهُ ٱلْخَلْقُ وَٱلْأَمْرُ

"સર્જન તેના માટે જ છે (તેણે સૃષ્ટિ અને માનવને પેદા કર્યા છે) અને સાર્વભૌમત્વ તેના માટે જ છે." (સૂરઃઆ'રાફ-૫૪)

પયગમ્બરોએ બતાવ્યું કે અલ્લાહ જ એ યોગ્ય છે કે તેની પૂજા અને ઈબાદત (ભક્તિ, ઉપાસના) આજ્ઞાપાલન અને ગુલામી કરવામાં આવે.

ٱتَّبِعُوا۟ مَآ أُنزِلَ إِلَيْكُم مِّن رَّبِّكُمْ وَلَا تَتَّبِعُوا۟ مِن دُونِهِۦٓ أَوْلِيَآءَ

"તમારા રબ (પાલનહાર) તરફથી જે (દીન અને કાનૂન) તમારા ઉપર ઊતર્યું છે તેનું અનુસરણ કરો અને તેના સિવાય બીજા કોઈને ખુદા ન બનાવો કે ન તેનું અનુસરણ કરો." (સૂર:આ'રાફ-૩)

એટલે કે અલ્લાહને રબ (પાલનહાર) માનવાનો અર્થ એ છે કે તેના કાનૂનને જ સાચું ગણી તેનું અનુસરણ કરવામાં આવે અને એવા કોઇ કાનૂનને સાચું ન ગણવામાં આવે જે અલ્લાહ તરફથી કે તેના કાનૂન હેઠળ ન હોય, આવા કોઇ કાનૂનને સત્ય સ્વીકારી તેને અનુસરણ કરવું 'શિર્ક' છે અને વિધાયકને ખુદાનો દરજ્જો આપવા બરાબર છે. અલ્લાહનો દીન એ સિવાય બીજું કંઈ નથી કે વ્યક્તિ પોતાના સમગ્ર જીવનને અલ્લાહના આદેશોને આધીન બનાવી દે અને જીવનનો કોઈ પણ ભાગ અલ્લાહ સિવાયની કોઇપણ શક્તિની તાબેદારીમાં વ્યતિત ન કરે.

قُلْ إِنَّنِي هَدَانِي رَبِّي إِلَىٰ صِرَاطٍ مُّسْتَقِيمٍ دِينًا قِيَمًا مِّلَّةَ إِبْرَاهِيمَ حَنِيفًا ۚ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِينَ ○

قُلْ إِنَّ صَلَاتِي وَنُسُكِي وَمَحْيَايَ وَمَمَاتِي لِلَّهِ رَبِّ الْعَالَمِينَ ○

لَا شَرِيكَ لَهُ ۖ وَبِذَٰلِكَ أُمِرْتُ وَأَنَا أَوَّلُ الْمُسْلِمِينَ ○

"હે નબી ! કહો, મારા રબે નિઃસંદેહ મને સીધો રસ્તો દેખાડી દીધો છે, તદ્દન સાચો દીન (સત્ય-ધર્મ) જેમાં કોઈ વિકૃતિ નથી, ઇબ્રાહીમનો માર્ગ જેને એકાગ્ર થઈને તેણે અપનાવ્યો હતો અને તે મુશ્રિકોમાંથી ન હતો. કહો, મારી નમાઝ, મારી બંદગીની તમામ વિધિઓ, મારું જીવવું અને મરવું, બધું જ અલ્લાહ રબ્બુલ્ આલમીન (સૃષ્ટિના માલિક અને પાલનહાર) માટે છે જેનો કોઈ ભાગીદાર નથી. તેનો જ મને આદેશ આપવામાં આવ્યો છે અને સૌ પ્રથમ આજ્ઞાપાલનમાં માથું ઝુકાવનાર હું છું." (સૂર:અન્આમ,૧૬૧-૧૬૩)

હકીકત તો આ છે કે અલ્લાહનો દીન-ઇસ્લામ-માનવના સમગ્ર જીવન માટે છે :

إِنَّ الدِّينَ عِندَ اللَّهِ الْإِسْلَامُ

"અલ્લાહની નજીક (મનુષ્યો માટે) સાચો દીન માત્ર ઈસ્લામ છે." (સૂર:આલે ઇમરાન - ૧૯)

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا ادْخُلُوا فِي السِّلْمِ كَافَّةً

"હે ઈમાન લાવનારાઓ ! (અલ્લાહના અને રસૂલના) આજ્ઞાપાલનમાં તમે સૌ સંપૂર્ણપણે દાખલ થઈ જાઓ." (સૂરઃબકરહ-૨૦૮)

જીવનની તમામ સામૂહિક અને વ્યક્તિગત બાબતો આ દીનથી દુરસ્ત થાય છે. આ જ દીને આપણને એ બતાવ્યું કે આપણે ખુદા, આખિરત, રસૂલો, ફરિશ્તાઓ અને ખુદાના ગ્રંથો વિષે શું અકીદો (આસ્થા) રાખીએ, તેણે આપણને એ પણ બતાવ્યું કે ઇબાદત કોની કરીએ અને કેવી રીતે કરીએ? તેણે એ સ્પષ્ટ કર્યું કે બંદાનો ખુદા સાથેનો યોગ્ય સંબંધ શો છે અને તેને કેવી રીતે મજબૂત બનાવી શકાય? આ દીને આપણને એ પણ બતાવી આપ્યું કે આપણા નૈતિક મૂલ્યો કેવા હોવા જોઈએ અને જીવનને આપણે નૈતિક સિદ્ધાંતોના બીબામાં કેવી રીતે ઢાળીએ. આ દીનથી આપણને એ પણ જાણવા મળ્યું કે આપણા પારસ્પરિક સંબંધો કેવા પ્રકારના હોવા જોઈએ, માનવોના એકબીજા પર ક્યા ક્યા હક્કો છે અને જીવનના વિવિધ ક્ષેત્રોમાં જુદી જુદી વ્યક્તિઓ અને વસ્તુઓ સંબંધે એમના પર કઈ જવાબદારીઓ આવે છે? આમ, આ દીને આપણને વેપાર, લેવડ-દેવડ અને અર્થકારણના ક્ષેત્રમાં યોગ્ય માર્ગદર્શન આપ્યું, અને તેની સાથે સાથે રહેણી-કરણી, વ્યવહાર અને રાજકારણના ક્ષેત્રમાં પણ આપણા માર્ગદર્શનની યોગ્ય વ્યવસ્થા કરી, તેણે આપણને બતાવ્યું કે સમાજની સુધારણા, દેશના વ્યવસ્થાતંત્રની સુધારણા અને રાજ્ય શાસનના યોગ્ય અને ન્યાયી સિદ્ધાંતો શું છે. ટૂંકમાં જીવનના વ્યક્તિગત અને સામૂહિક પ્રત્યેક ક્ષેત્રમાં આપણને એ માર્ગ દેખાડયો જેના પર ચાલીને આપણે દુનિયામાં સફળ અને સન્માનપાત્ર બની શકીએ છીએ અને આખિરતમાં પણ શાશ્વત સફળતા પ્રાપ્ત કરી શકીએ છીએ.

દીનનો આ વિસ્તૃત અર્થ જો આપ ભૂલી ન જાવ તો આમ ઘણી સરળતાથી એ હકીકતને જાણી શકો છો કે ઇસ્લામના સંપૂર્ણ અનુસરણ માટે જ્યાં વ્યક્તિનું શુદ્ધિકરણ જરૂરી છે કે સમાજની સુધારણા કરવામાં આવે, ત્યાં એ વાત પણ જરૂરી છે કે શાસનમાં સુધારણા થાય અને અસત્ય ધર્મો તેમજ અસત્ય જીવન વ્યવસ્થાઓને બદલે અલ્લાહનો દીન અને અલ્લાહ દ્વારા મોકલવામાં આવેલ કાનૂન દુનિયામાં લાગુ અને વિજયી થાય. જો આમ નહીં બને તો જીવનનો એક મોટો ભાગ ખોટા કાનૂનો હેઠળ પસાર થશે અને તેના કારણે દીનનું અનુસરણ જીવનના કેટલાક જ ભાગમાં કરી શકીશું, અને તે પણ એ સમય અને એ હદ સુધી જ કે જે સમય અને

જે હદ સુધી પ્રચલિત શાસન-વ્યવસ્થા આપણને તેની પરવાનગી આપે. અલ્લાહના નબી હઝરત મુહમ્મદ સ.અ.વ. દુનિયામાં લોકોને અલ્લાહનો સંદેશ પહોંચાડવા માટે જ આવ્યા ન હતાં બલ્કે એ માટે પણ આવ્યા હતા કે આ દીનનું દુનિયાના અન્ય તમામ મત અને વ્યવસ્થાઓ પર વર્ચસ્વ સ્થાપે. તેનું કારણ આ જ છે :

هُوَ ٱلَّذِىٓ أَرْسَلَ رَسُولَهُۥ بِٱلْهُدَىٰ وَدِينِ ٱلْحَقِّ لِيُظْهِرَهُۥ عَلَى ٱلدِّينِ كُلِّهِۦ وَلَوْ كَرِهَ ٱلْمُشْرِكُونَ ○

"તે જ તો છે જેણે પોતાના રસૂલને માર્ગદર્શન અને સત્ય દીન (સત્ય-ધર્મ) સાથે મોકલ્યો છે જેથી તેને પૂરેપૂરા દીન (ધર્મ) પર પ્રભુત્વ આપી દે, ચાહે મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)ને આ કેટલુંય અપ્રિય હોય."

(સૂરઃસફ્ફ-૯)

અલ્લાહના અંતિમ નબીને મોકલવાનો હેતુ દીનને વિજયી બનાવવાનો હતો. (આપ સ.અ.વ. આ કાર્યને એકલા હાથે પૂર્ણ કરી શકતા ન હતા) એના માટે આવશ્યક હતું કે એક વ્યવસ્થિત સમૂહ આપની સાથે હોય અને આ ધ્યેયની પ્રાપ્તિમાં પોતાનું જીવન અને જીવનની સર્વ શક્તિઓ લગાવી દે. આથી જ ઉમ્મતે મુસ્લિમાના અસ્તિત્વનો હેતુ એ નક્કી થયો કે તે દુનિયામાં અલ્લાહના દીનને વિજયી બનાવવા પ્રયાસો કરતી રહે, એટલે કે પૃથ્વીના એક એક તસુ પર તેના વાસ્તવિક શાસક અલ્લાહનો કાનૂન લાગુ થઈ જાય. કુર્આનમાં ઉપર વર્ણવેલ આયત પછી કહેવામાં આવ્યું છે :

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ هَلْ أَدُلُّكُمْ عَلَىٰ تِجَٰرَةٍ تُنجِيكُم مِّنْ عَذَابٍ أَلِيمٍ

تُؤْمِنُونَ بِٱللَّهِ وَرَسُولِهِۦ وَتُجَٰهِدُونَ فِى سَبِيلِ ٱللَّهِ بِأَمْوَٰلِكُمْ وَأَنفُسِكُمْ ذَٰلِكُمْ خَيْرٌ لَّكُمْ إِن كُنتُمْ تَعْلَمُونَ ○

يَغْفِرْ لَكُمْ ذُنُوبَكُمْ وَيُدْخِلْكُمْ جَنَّٰتٍ تَجْرِى مِن تَحْتِهَا ٱلْأَنْهَٰرُ وَمَسَٰكِنَ طَيِّبَةً فِى جَنَّٰتِ عَدْنٍ ذَٰلِكَ ٱلْفَوْزُ ٱلْعَظِيمُ ○

وَأُخْرَىٰ تُحِبُّونَهَا نَصْرٌ مِّنَ ٱللَّهِ وَفَتْحٌ قَرِيبٌ وَبَشِّرِ ٱلْمُؤْمِنِينَ ○

"હે ઈમાન લાવનારાઓ! શું હું એક એવો સોદો બતાવું જે તમને (અલ્લાહના) ભયંકર અઝાબ (પ્રકોપ)થી મુક્તિ અપાવી દે ? (અને તે એ છે કે) તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો અને અલ્લાહના માર્ગમાં પોતાના તન, મન અને ધનથી અણથક પ્રયત્ન કરો, આ જ વાત તમારા માટે બહેતર છે, એ શરતે કે તમે જાણતા હોવ, આવી સ્થિતિમાં અલ્લાહ તમારા ગુન્હાઓ માફ કરી દેશે અને તેમને એવી જન્નતોમાં મોકલશે જેની નીચે નહેરો વહેતી હશે અને શાશ્વત જન્નતોમાં શ્રેષ્ઠ ઘર તમને એનાયત કરશે. આ જ મહાન સફળતા છે, અને એક બીજી વસ્તુ પણ આપશે જે તમને પ્રિય છે, એટલે કે અલ્લાહની સહાય અને નજીકની જીત, અને (હે નબી) ઈમાનવાળાઓને શુભ સમાચાર આપો !" (સૂરઃસફ્ફ, ૧૦ થી ૧૩)

આ આયતો આપણને બતાવે છે કે દુનિયા અને આખિરતની નિષ્ફળતા અને અલ્લાહના દર્દનાક અઝાબ (પ્રકોપ)થી બચવા અને દુનિયા તેમજ આખિરતમાં સફળતા અને અલ્લાહની મદદ, રહમત (કૃપા), મગફિરત (ક્ષમાદાન) અને જન્નત પ્રાપ્તિનો માર્ગ માત્ર આ છે કે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવીને તેના માર્ગમાં અણથક પ્રયત્નો કરવામાં આવે. અને અલ્લાહના માર્ગમાં 'પરિશ્રમ'નો અર્થ એ સિવાય બીજો કોઈ નથી કે માનવી શુદ્ધ હૃદયતા અને સંપૂર્ણ એકાગ્રતા સાથે અલ્લાહના દીનનું અનુસરણ, નિમંત્રણ તથા પ્રસાર અને તેને વિજયી બનાવવાની ઝુંબેશમાં લાગી જાય અને તેના માટે પોતાની તમામ યોગ્યતાઓ, શક્તિઓ અને સાધનોને અર્પણ કરી દે.

અલ્લાહના દીનનું અનુસરણ, તેનું નિમંત્રણ તથા પ્રસાર અને તેને વિજયી બનાવવાના પ્રયાસોને બીજા શબ્દોમાં 'ઈકામતે દીન' કહે છે. કુર્આનમજીદ દ્વારા આપણને જાણવા મળે છે કે દરેક કાળમાં 'દીને હક્ક' (સત્ય ધર્મ)ના આગમનનો હેતુ આ જ 'ઈકામતે દીન' રહ્યો છે. પયગમ્બરો અલયહિસ્સલામ આ ધ્યેયને હાંસલ કરવા માટે જ મોકલવામાં આવતા રહ્યાં અને ઈમાનવાળાઓથી કહેવામાં આવ્યું કે તેઓ આ ધ્યેયને હાંસલ કરવા માટે સંગઠિત થઈને પ્રયાસ કરે અને અવ્યવસ્થા અને વિરોધથી બચે:

شَرَعَ لَكُم مِّنَ الدِّينِ مَا وَصَّىٰ بِهِۦ نُوحًا وَالَّذِىٓ أَوْحَيْنَآ إِلَيْكَ
وَمَا وَصَّيْنَا بِهِۦٓ إِبْرَٰهِيمَ وَمُوسَىٰ وَعِيسَىٰٓ أَنْ أَقِيمُوا۟ الدِّينَ وَلَا تَتَفَرَّقُوا۟ فِيهِ

"તેણે તમારા માટે દીન (ધર્મ)ની તે જ પદ્ધતિ નક્કી કરી છે જેનો આદેશ તેણે નૂહને આપ્યો હતો અને જેને (હે મુહમ્મદ !) હવે તમારા તરફ અમે વહી દ્વારા મોકલ્યો છે, અને જેનો આદેશ અમે ઇબ્રાહીમ અને મૂસા અને ઈસાને આપી ચૂક્યા છીએ, એ તાકીદ સાથે કે આ દીન (ધર્મ)ને સ્થાપિત કરો અને તેના મામલામાં વહેંચાઈ ન જાઓ." (સૂરઃશૂરા-૧૩)

હકીકત આ છે કે ઉમ્મતે મુસ્લિમાના અસ્તિત્વનો હેતુ એક જ છે, અને તે આ કે તે સંગઠિત થઈને અલ્લાહના દીનનું અનુસરણ, અલ્લાહના દીનની 'દા'વત' (નિમંત્રણ) અને તેને વિજયી બનાવવાનો પ્રયાસ કરે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે 'ઇકામતે દીન' એટલે કે દીનની સ્થાપનાને પોતાના અસ્તિત્વનો હેતુ અને પોતાનું ધ્યેય બનાવે અને તે હેતુ અને ધ્યેયની પ્રાપ્તિ માટે પોતાની સમગ્ર કાબેલિયતો અને આવડતોને લગાવી દે. જ્યાં સુધી ઉમ્મતે મુસ્લિમા 'ઇકામતે દીન'ને પોતાનું ધ્યેય નથી બનાવતી અને સંગઠિત થઈને તેની પ્રાપ્તિ માટે પ્રયાસ નથી કરતી ત્યાં સુધી તેની સમસ્યાઓનું નિરાકરણ નહીં થાય. તે દુનિયામાં સફળ નહીં થાય, માનવતાને નિષ્ફળતાથી બચાવી નહીં શકે, આખિરતમાં અલ્લાહ સમક્ષ સફળ નહીં થાય અને એ અપરાધમાં પકડવામાં આવશે કે મુસલમાન હોવાનો દાવો કરવા છતાં તેણે ઇસ્લામનું અનુસરણ, તેની દા'વત (નિમંત્રણ) અને તેની ઇકામતનો હક્ક કેમ અદા ન કર્યો?

ઇકામતે દીનનું આ કાર્ય ત્યારે જ થઈ શકે છે કે જ્યારે દરેક મુસલમાન પોતાના સમગ્ર જીવન દરમિયાન અલ્લાહના દીનનું અનુસરણ કરે અને જ્યારે દરેક મુસલમાન વ્યક્તિગત અને સામૂહિક રીતે અલ્લાહના દીનના સંદેશને ખુદાના બંદાઓ સુધી પહોંચાડવામાં રાત-દિવસ લાગેલા રહે, એટલે સુધી કે તેમને એ વાત સમજાય કે તેમને દુન્યવી સફળતા અને આખિરતની નજાત (મુક્તિ) અને સફળતા અલ્લાહના દીનને સ્વીકારવા અને તેને અનુસરવામાં છે. અને પછી તેઓ એ નક્કી કરે કે રાજ્ય-શાસન સહિત જીવનની સમગ્ર વ્યવસ્થા અલ્લાહના દીનના માર્ગદર્શન પ્રમાણે કરવામાં આવે.

—●—

જમાઅતે ઈસ્લામી હિંદ

પાછલા પ્રકરણોમાં એ વાતની સ્પષ્ટતા કરી દેવામાં આવી છે કે પ્રત્યેક મુસલમાન અને સમગ્ર મિલ્લતે ઈસ્લામિયાના અસ્તિત્વનો હેતુ એક જ છે અને તે છે અલ્લાહના દીનની સાચી સાક્ષી અને પૂરી ઇકામત. એ એક દુઃખદ વાત છે કે મોટાભાગના મુસલમાનો પોતાના આ વાસ્તવિક ધ્યેય પ્રત્યે બેદરકાર છે અને ખોટા ધ્યેય અને કાર્યો પાછળ જીવન વેડફી રહ્યાં છે અને તેના પરિણામે પોતાની દુનિયાને બરબાદ અને આખિરત (પરલોક)ને ખરાબ કરી રહ્યા છે.

જમાઅતે ઈસ્લામી હિંદ ઉમ્મતે મુસ્લિમાને વાસ્તવમાં આ ભૂલાયેલ પાઠની યાદ અપાવવા અને અલ્લાહના બીજા બંદાઓને ઈસ્લામનું આમંત્રણ પાઠવવા અસ્તિત્વમાં આવી છે. અલ્લાહના દીનની ઇકામત (સ્થાપના) જ તેનું ધ્યેય છે. તે મુસલમાનોને યાદ અપાવે છે કે તેમનું મૂળ ધ્યેય 'ઇકામતે દીન' જ છે, તેથી તેમણે બધા સંબંધોનો ત્યાગ કરી આ કામ માટે એક ચિત્તે પ્રયાસ કરવો જોઈએ. બિનમુસ્લિમોને તે એ હકીકતથી વાકેફ કરે છે કે તેમની દુન્યવી સફળતા અને આખિરતની મુક્તિ અને સફળતા અલ્લાહે મોકલેલ ધર્મ ઈસ્લામ સાથે સંકળાયેલ છે. આથી તેમણે ઇસ્લામી દા'વત (નિમંત્રણ) પર ગંભીરપણે વિચારવું જોઈએ અને નિષ્પક્ષપણે તેમાં રહેલાં સત્યનું અવલોકન કરવું જોઈએ.

જમાઅતે ઈસ્લામી હિંદનું સમગ્ર કાર્ય તેના બંધારણ પ્રમાણે થાય છે જેને જમાઅતના અરકાન (મેમ્બર)ના પ્રતિનિધિઓએ મંજૂરી આપી છે. આ બંધારણમાં જમાઅતના ધ્યેય વિષે આપણને નીચેના શબ્દો જોવા મળે છે :

"જમાઅતે ઈસ્લામી હિંદનું ધ્યેય 'ઇકામતે દીન' છે જેનું સાચું પ્રેરકબળ માત્ર અલ્લાહની પ્રસન્નતા અને આખિરતમાં સફળતાની પ્રાપ્તિ છે."

સમજૂતી : 'ઇકામતે દીન'માં 'દીન' શબ્દથી મુરાદ એ દીને હક્ક (સત્ય ધર્મ) છે જેને અલ્લાહ રબ્બુલ આલમીન (વિશ્વપાલક) પોતાના સર્વ

પયગમ્બરો દ્વારા જુદા જુદા અને જુદા જુદા સમયે દેશોમાં મોકલતો રહ્યો છે અને જેને અંતિમ અને પૂર્ણ સ્વરૂપમાં માનવજાતના માર્ગદર્શન માટે પોતાના અંતિમ નબી હઝરત મુહમ્મદ સ.અ.વ. દ્વારા મોકલ્યું અને હવે તે દુનિયામાં એક માત્ર અધિકૃત, સુરક્ષિત અને અલ્લાહની નજીક પ્રિય દીન છે અને જેનું નામ ઇસ્લામ છે.

આ દીન મનુષ્યના પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ અને તેના જીવનના વ્યક્તિગત અને સામૂહિક દરેક ક્ષેત્રોને આવરી લે છે. અકીદાઓ (આસ્થાઓ), ઈબાદતો અને અખ્લાક (નીતિ, ચારિત્ર્ય)થી લઈને અર્થકારણ, સામાજિકતા અને રાજકારણ સુધી, માનવીય જીવનનું કોઈ એક ક્ષેત્ર પણ એવું નથી જે તેના વર્તુળની બહાર હોય. આ દીન અલ્લાહની પ્રસન્નતા અને આખિરતમાં સફળતા પ્રાપ્ત કરવાની ખાત્રી આપવાની સાથે સાથે દુન્યવી પ્રશ્નોના ઉચિત ઉકેલ માટે પણ સર્વશ્રેષ્ઠ જીવન-વ્યવસ્થા છે. આમ વ્યક્તિગત અને સામૂહિક જીવનનું સદાચાર અને પ્રગતિશીલ ધોરણો પર ઘડતર માત્ર તેની સ્થાપના પર જ આધારિત છે.

આ દીનની 'ઇકામત' (સ્થાપના)નો અર્થ એ છે કે કોઈ પણ પ્રકારના વિચ્છેદ અને વિભાજન વિના તેનું સમગ્રપણે પાલન કરવામાં આવે, અને એકાગ્રતા સાથે કરવામાં આવે. માનવીના જીવનમાં વ્યક્તિગત અને સામૂહિક ક્ષેત્રોમાં તેને એ રીતે લાગુ પાડવામાં આવે કે જેથી વ્યક્તિ-વિકાસ, સમાજ-રચના અને રાજ્ય-ઘડતર બધું જ આ દીનના આદેશો પ્રમાણે થાય.

આ દીનની ઇકામત (સ્થાપના)નો આદર્શ અને સર્વશ્રેષ્ઠ વ્યવહારિક ઉદાહરણ તે છે જે હઝરત મુહમ્મદ સ.અ.વ. અને હઝરાતે ખુલફાએ રાશેદીન રિઝવાનુલ્લાહિતઆલા અલૈહિમ અજમઈન (તે સૌથી અલ્લાહ પ્રસન્ન થાય) એ બેસાડ્યો. (જમાઅતે ઇસ્લામી હિંદનું બંધારણ, ધારા : ૪, શીર્ષક નસ્બુલઐન – ધ્યેય)

કાર્યપદ્ધતિ : આ ધ્યેયને સિદ્ધ કરવા જમાઅતે ઈસ્લામી હિન્દ જે કાર્યપદ્ધતિ અપનાવી છે તે પ્રચાર, વિચાર, પ્રસાર અને વિચારોના આદાન-પ્રદાનની છે, નહીં કે બળજબરી અને હિંસાની. આ વાત જમાઅતના બંધારણની એ કલમમાં સ્પષ્ટ કરવામાં આવી છે જે જમાઅતની કાર્યપદ્ધતિનું સ્પષ્ટીકરણ કરે છે, એટલે કે:

- જમાઅતના કાર્યોનો આધાર કુર્આન અને સુન્નત હશે. બીજી બધી ગૌણ બાબતોને માત્ર એટલી હદ સુધી નજર સમક્ષ રાખવામાં આવશે જેટલી હદ

સુધી કુર્આન અને સુન્નતમાં તેમના માટે અવકાશ હોય.

● જમાઅત પોતાના તમામ કાર્યોમાં નૈતિક હદોના પાલન માટે બંધાયેલ હશે. તે કદી પણ એવી પદ્ધતિઓ અને રીતોનો ઉપયોગ નહીં કરે જે સચ્ચાઈ અને ઈમાનદારીની વિરુદ્ધ હોય અથવા તો જેનાથી સાંપ્રદાયિક ઘૃણા, વર્ગ-વિગ્રહ અને વિશ્વમાં અંધાધૂંધી સર્જાય.

● જમાઅત પોતાના ધ્યેયને સિદ્ધ કરવા માટે રચનાત્મક અને શાંતિમય પદ્ધતિ અપનાવશે, એટલે કે તે પ્રચાર અને ઉપદેશ અને વિચારોના પ્રસાર દ્વારા માનસ અને ચારિત્ર્યની સુધારણા કરશે, અને આ રીતે દેશના સામૂહિક જીવનમાં ઇચ્છિત સદાચારી ક્રાંતિ લાવવા માટે જનમત કેળવશે.

(જમાઅતે ઇસ્લામી હિંદનું બંધારણ, અનુચ્છેદ-૫, પેટા કલમ ૨૭૧, ૩)

જમાઅતે ઇસ્લામીની દા'વત મુસ્લિમો અને બિનમુસ્લિમો બન્ને માટે છે અને જમાઅતના કાર્યકરો બન્ને વર્ગો સુધી પોતાની દા'વત પહોંચાડે છે :

જમાઅત દેશ અને ઉમ્મતના એ બધા કાર્યોમાં પોતાની શક્તિ પ્રમાણે ભાગ લે છે જે તેની નજીક ધાર્મિક અને નૈતિક દૃષ્ટિએ યથાર્થ અને યોગ્ય હોય. તેથી જમાઅતે ઇસ્લામી હુલ્લડ ગ્રસ્ત વ્યક્તિઓ માટે રાષ્ટ્રવ્યાપી કાર્ય કરવાની સાથે-સાથે પૂર, દુષ્કાળ, રોગચાળો, આગ અને આવા બીજા અનેક કુદરતી અને માનવીય આપત્તિઓના પ્રસંગોએ ધર્મના ભેદભાવ વિના અલ્લાહના સર્વ બંદાઓની સેવા કરવાની ફરજ બજાવી રહી છે.

—●—